RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 30-07-2026 | VOL : 12 | Issue : 135 | Page : 8 | Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

હંમેશા શીખતા રહો. જીવનમાં બહાના નહીં, પરિણામ મહત્વનું છે.

3

DGP કમેન્ડેશન ડિસ્ક હવે 110ને બદલે 148 પોલીસકર્મીને મળશે..!

4

ટ્રમ્પની ફરી ફજેતી, હોર્મુઝમાં હુમલા બંધ કરવા પાછળનું કારણ...

6

ગુરુ પૂર્ણિમાના અવસર પર એક્ટ્રેસ કરિશ્મા તન્નાના ઘરે ગુંજી કિલકારી

7

ICC રેન્કિંગમાં ફેરફાર: ODIમાં શુભમન ગિલ નંબર-1

## એક નજર...

### દરિયાકિનારે શાઈની દોશીનો હોટ એન્ડ ફિટ અવતાર



શાઈની દોશીએ વર્ષ 2013માં સંજય લીલા ભણસાલીના સુપરહિટ ટીવી શો 'સરસ્વતીચંદ્ર' માં 'કુસુમ' ના પાત્રથી પોતાના અભિનય કરિયરની સફળ શરૂઆત કરી હતી.તે 'જમાઈ રાજા', 'શ્રીમદ ભગવત મહાપુરાણ' અને ખાસ કરીને લોકપ્રિય ધારાવાહિક 'પંડ્યા સ્ટોર' માં 'ધરા' ના યાદગાર મુખ્ય પાત્ર માટે ઘરે-ઘરે જાણીતી બની હતી.

## લોકસભામાં રાહુલની 50 મિનિટની સ્પીચ, ભારે હોબાળો

# "આ જ એ વ્યક્તિ છે જેણે તમને શૂટ કર્યા, માર્યા"

# રાહુલ ગાંધીના અમિત શાહ પર ગંભીર આરોપો

નવી દિલ્હી

દેશના રાજકારણમાં ફરી એકવાર મોટો ભૂકંપ આવ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ દેશના ગૃહમંત્રી અમિત શાહ પર અત્યાર સુધીનો સૌથી ઘાતક અને સણસણતો પ્રહાર કર્યો છે. એક જાહેર કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ સીધો અમિત શાહ તરફ ઈશારો કરીને અત્યંત ગંભીર આરોપો લગાવતા કહ્યું હતું કે, "આ જ એ વ્યક્તિ છે જેણે તમને શૂટ કર્યા, માર્યા."

રાહુલ ગાંધીના આ વિવાદસ્પદ અને આક્રમક નિવેદન બાદ દેશના રાજકારણમાં ભારે હોબાળો મચી ગયો છે. ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે અને બંને પક્ષો વચ્ચે વાકયુદ્ધ ચરમસીમાએ પહોંચી ગયું છે. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં કોઈ પણ જાતના સંકોચ વગર અમિત શાહને નિશાના પર લીધા હતા. તેમણે તીખા શબ્દોનો પ્રહાર કરતા સત્તાધારી પક્ષ અને ગૃહમંત્રીની કાર્યશૈલી પર ગંભીર સવાલો ઊભા કર્યા હતા. રાહુલ ગાંધીના આ બોલ્ડ અને ઘાતક નિવેદનને કારણે ભાજપ છાવણીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જ્યારે કોંગ્રેસના કાર્યકરો આ નિવેદન બાદ આક્રમક મૂડમાં આવી ગયા છે.

## રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજી સરકારને કર્યા સવાલ, કહ્યુ 'વિદ્યાર્થીઓ પર થયેલા અત્યાચાર પાછળ કોણ?'

લોકસભામાંથી 'એન્ટી પેપર લીક બિલ' પસાર થયા બાદ કોંગ્રેસ નેતા અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય ગૃહમંત્રી પર તીખા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે, લોકસભામાં વિપક્ષના નેતા તરીકે તેમને પોતાની વાત રજૂ કરવાનો મોકો આપવામાં આવ્યો નથી. સંસદથી 500 મીટર દૂર વિદ્યાર્થીઓ પર અત્યાચાર: રાહુલ ગાંધી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાંચ તસવીરો દર્શાવતા રાહુલ ગાંધીએ આક્રોશ વ્યક્ત કર્યો કે, 'સંસદથી માત્ર 500 મીટરના અંતરે ભારતના ભવિષ્ય સમાન યુવાનો અને વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો. વિપક્ષના નેતા તરીકે દેશના યુવાનો અને વિદ્યાર્થીઓનો અવાજ ઉઠાવવો, એ મારો અધિકાર છે, પરંતુ ગૃહમાં મને મારી વાત પૂરી કરવા દેવામાં ન આવી.' રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, તેમણે 25 જુલાઈના રોજ આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રીને પત્ર પણ લખ્યો હતો. દિલ્હી પોલીસ દ્વારા ગૃહમંત્રીને સતત બ્રિફિંગ આપવામાં આવી રહ્યું હતું, અને તેમણે પોતે ગૃહમંત્રીને દિલ્હી પોલીસના અધિકારીઓ સાથે વાત કરતા જોયા હતા.



**દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવામાં આવી:લાકડીઓ મારવામાં આવી**

### અમિત શાહને બરતરફ કરે પીએમ મોદી, હું ક્યારેય ભાજપ, RSS ની માફી નહીં માંગુ

## NEWS TRACK

### ભારત સહિત ચાર દેશો પર 100% ટેરિફની ધમકીની ઝેલેન્સ્કીએ ભારોભાર પ્રશંસા કરી

યુક્રેનના પ્રમુખ વોલોદોમીર જેલેન્સ્કી આજકાલ અમેરિકાના પ્રવાસે છે. યુક્રેન ઉપર હુમલા કરવા માટે રશિયા ઉપર સખતમાંથી સખત પ્રતિબંધો મુક્તું વિધેયક ગઈકાલે સેનેટમાં બહુમતીથી પસાર થઈ ગયું. તે ઉપર પ્રમુખની સહી પણ થઈ જશે તે નિશ્ચિત છે. આ વિધેયક ઉપર સેનેટમાં મતદાન થયું હતું ત્યારે યુક્રેનના પ્રમુખ સેનેટની વિઝિટર્સ ગેલેરીમાં બેઠા હતા. વિશ્લેષકો કહે છે કે માત્ર અમેરિકા જ નહીં વિશ્વ ઈતિહાસમાં આવી પહેલી ઘટના હશે કે જ્યારે એક દેશના પ્રમુખ કોઈપણ દેશની સંસદમાં મતદાન સમયે હાજર રહ્યા હોય. રશિયા ઉપર પ્રતિબંધો મુક્તું વિધેયક ભારે મોટી બહુમતીથી પસાર થયાને માત્ર થોડા જ સમયમાં ઝેલેન્સ્કી કેપીટોલ હીલ પહોંચી ગયા હતા અને સેનેટની વિઝિટર્સ ગેલેરીમાં સ્થાન લઈ લીધું હતું. રશિયા ઉપર તો ટ્રમ્પે ટેરિફ નાખ્યો જ હતો પરંતુ હવે તો તેણે સંપૂર્ણ પ્રતિબંધ મુકી દીધો છે સાથે રશિયા પાસેથી ભારત સહિતના ૪ દેશો ઉપર પણ ૧૦૦ ટકા ટેરીફ આપવાની ધમકી પણ તેમણે આપી છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પ્રમુખ ટ્રમ્પના આ નિર્ણયની ભારોભાર પ્રશંસા કરી હતી.

### 3.3 કરોડ જીંદગી ઉપર ઝળુંબતુ મહાસંકટ સ્પેન અને ફ્રાંસના જંગલોમાં ભીષણ આગ

ફ્રાંસ અને સ્પેનના જંગલોમાં સતત ૧૫ દિવસથી આગ ભભૂકી રહી છે. તેમાં બંને દેશોના ૩ કરોડથી વધુ લોકોની જીંદગી ઉપર મહાસંકટ ઝળુંબી રહ્યું છે. બંને દેશોની સરકારોએ આસપાસના વિસ્તારો ખાલી કરાવ્યા છે. આ આગથી માત્ર લોકોને જ નુકસાન થયું હોય તેવું નથી પરંતુ કેટલાએ લાખ હેકટરની વન સંપત્તિ પણ નાશ પામી છે. લાખો પશુ પક્ષીઓ માર્યા ગયા છે. બંને દેશોના ફાયર બ્રિગેડ સતત કાર્યરત છે. પરંતુ આગ બુઝાવાને બદલે ફેલાતી જાય છે. એક તરફ તીવ્ર ગરમી તો બીજી તરફ દુષ્કાળ વચ્ચે અત્યારે જ બંને દેશોનાં હજી સુધીમાં પહોંચેલા ૪૦ ડીગ્રી તાપમાનમાં પણ આ આગથી વધારો થયો છે. આ આગ એટલી વ્યાપક છે કે ૩૩ લાખ લોકોને સુરક્ષિત સ્થળે ફેરવાયા છે. તે પૈકી ફ્રાંસમાં ૨૨ લાખ અને સ્પેનના ૧૧ લાખ લોકો સલામત રીતે બહાર કઢાયા છે. સ્પેનમાં ૧ લાખ હેકટર અને ફ્રાંસમાં ગીરોન્દે પ્રાંતમાં ૪૨ હજાર વન સંપદા નાશ પામી છે. ૨૫૦ થી વધુ ઘરો ભસ્મીભૂત થઈ ગયા છે.

## 'રાહુલ સંસદમાં જૂઠ્ઠાણું ફેલાવી રહ્યા છે, વિદ્યાર્થીઓનું અપમાન કર્યું: ભાજપ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની સાંજે 6 વાગ્યાની પ્રેસ કોન્ફરન્સ પહેલા ભારતીય જનતા પાર્ટીએ પત્રકાર પરિષદ યોજીને તેમના તમામ આરોપો પર આકરા પ્રહારો કર્યા છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ રાહુલ ગાંધી પર સંસદમાં જૂઠ્ઠાણું ફેલાવવાનો અને માત્ર સનસની ફેલાવવા માટે કેન્દ્રીય ગૃહમંત્રીનું નામ વટાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ભાજપે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, 'દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર કોઈ ગોળીઓ ચલાવવામાં આવી નથી, અને ન તો કોઈએ આવો આદેશ આપ્યો હતો. રાહુલ ગાંધી જૂઠનો પ્રચાર કરી રહ્યા છે.'

કટાક્ષ કરતા ભાજપે કહ્યું કે, રાહુલ ગાંધીની જેમ કેન્દ્રીય ગૃહમંત્રી ક્યારેય વિદેશ ભાગી જતા નથી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા, સંબિત પાત્રાએ રાહુલ ગાંધી પર વિદ્યાર્થીઓનું અપમાન કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, 'રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓની ત્રણ કેટેગરી બતાવીને દેશના યુવાનોનું અપમાન કર્યું છે. વિદ્યાર્થીઓ કોઈ 'ઈડિયટ' કે 'અંધભક્ત' નથી.' રાહુલ ગાંધીના સંસદમાં આપેલા નિવેદન બાદ ભાજપના આ પલટવારથી રાજકીય ગરમાવો વધી ગયો છે.

## રાહુલની સ્પીચની 5 વાતો

1 'ઈડિયટ' અને 'અંધભક્ત' વાળા નિવેદન પર હોબાળો: રાહુલ ગાંધીએ કહ્યું, 'મેં ઘણા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. ખાસ કરીને લવલી નામની એક 18 વર્ષની વિદ્યાર્થિની સાથે. રાહુલે તે જ વાતચીતનો હવાલો આપતા 'ઈડિયટ' અને 'અંધભક્ત' વાળા ઉદાહરણો આપ્યા. સત્તા પક્ષે તેને અસંસદીય ગણાવ્યું. સ્પીકર ઓમ બિરલાએ આ શબ્દોને કાર્યવાહીમાંથી હટાવવાનો આદેશ આપ્યો.

2 વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરવાનો આરોપ: રાહુલે આરોપ લગાવ્યો કે દિલ્હીમાં વિદ્યાર્થીઓના પ્રદર્શન દરમિયાન ગૃહમંત્રીએ ગોળી અને પેલેટ ગન ચલાવવાની મંજૂરી આપી. કિરેન રિજિજુએ તેને ગંભીર અને પાયાવિહોણો આરોપ ગણાવતા રાહુલ પાસેથી માફીની માંગ કરી.

3 રાહુલ ગાંધી આગળ બોલ્યા- શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માત્ર દેખાડો: રાહુલે કહ્યું કે પેપર લીકથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય બરબાદ થઈ રહ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે શિક્ષણ વ્યવસ્થા શિક્ષણ મંત્રાલય નહીં, પરંતુ RSS ચલાવી રહ્યું છે અને ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માત્ર દેખાડો છે.

4. રાહુલે કહ્યું- દેશનું ભવિષ્ય રસ્તાઓ પર છે: રાહુલે કહ્યું કે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ ગુસ્સા કે નફરતથી નહીં, પરંતુ પોતાના ભવિષ્ય અને અધિકારો માટે લડી રહ્યા છે. તેમણે કહ્યું- ભાજપના નેતાઓના બાળકો પણ વિદ્યાર્થીઓને સમર્થન આપશે.

5. પેપર લીકને વ્યવસ્થાની નિષ્ફળતા ગણાવી: રાહુલે કહ્યું કે એક પછી એક પરીક્ષાઓમાં પેપર લીક થઈ રહ્યા છે, વિદ્યાર્થીઓ પાસેથી લાખો રૂપિયા લેવામાં આવી રહ્યા છે અને સરકાર યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરી શકતી નથી.

## લોકસભામાં હંગામા વચ્ચે 'એન્ટિ પેપર લીક બિલ' ધ્વનિ મતથી પસાર

ભારે હંગામા અને વિવાદ વચ્ચે 'ધ પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મિન્સ) બિલ' ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થી આંદોલનનો પક્ષ લેતા સરકાર પર પ્રહારો કર્યા હતા. બીજી તરફ કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે પરીક્ષા પ્રણાલીને પારદર્શક બનાવવા સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને 2024માં કાયદો લાગુ થયા બાદ અત્યાર સુધીમાં 52 FIR નોંધવામાં આવી છે. વિપક્ષના જોરદાર હંગામા વચ્ચે લોક પરીક્ષા સંશોધન બિલને ધ્વનિમતથી પસાર કરવામાં આવ્યું હતું, ત્યારે ગૃહમાં ચર્ચા વખતે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર કથિત ગોળીબાર અંગે આક્રમક નિવેદન આપ્યું હતું.

## કોલસા કૌભાંડમાં પૂર્વ PM મનમોહન સિંહ પરનો કેસ બંધ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ વિરુદ્ધ કોલસા બ્લોક ફાળવણી કેસમાં ચાલી રહેલો ક્રિમિનલ કેસ બંધ કરી દીધો છે. કોર્ટે CBI દ્વારા 2014માં દાખલ કરવામાં આવેલા બે ક્લોઝર રિપોર્ટ સાથે સહમતિ દર્શાવી છે. કોર્ટે કહ્યું કે તેમની વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ દાખલ કરવા માટે કોઈ પર્યાપ્ત સામગ્રી કે નક્કર કારણ નહોતું. આ મામલો યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન તલાબીરા-2 કોલસા બ્લોકની ફાળવણી સાથે સંબંધિત છે. વર્ષ 2015માં વિશેષ CBI કોર્ટે એજન્સીની ક્લોઝર રિપોર્ટને નામંજૂર કરી દીધી હતી. કોર્ટે મનમોહન સિંહ અને અન્ય આરોપીઓને ટ્રાયલનો સામનો કરવા માટે બોલાવ્યા હતા. આ આદેશને પૂર્વ વડાપ્રધાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે કહ્યું કે વિશેષ જજે CBI દ્વારા તેમને ક્લીન ચિટ આપતા ક્લોઝર રિપોર્ટ દાખલ કરવા છતાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ છ લોકો વિરુદ્ધ સંજ્ઞાન લીધું હતું.

## 'કંગનાને તેમની પાર્ટી પણ ગંભીરતાથી લેતી નથી':CJP

### બેરોજગાર, તારી ઉંમરે મારી પાસે 2 નેશનલ એવોર્ડ હતા: કંગના ભડકી

નવી દિલ્હી

સતત વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનોની ટીકા કરી રહેલી એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌત કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા સૌરવ દાસના નિવેદન પર ભડકી ઉઠી. કંગનાના વિરોધ વિરોધી નિવેદનો પર સૌરવે કહ્યું કે તેમને તેમની પાર્ટી પણ ગંભીરતાથી લેતી નથી, તો બાકીના લોકોએ પણ ન લેવા જોઈએ. સૌરવના નિવેદન પર કંગના ભડકી ઉઠી અને જવાબમાં તેમને બેરોજગાર અને નકામા કહ્યા. કંગના રનૌતના વિરોધ વિરોધી નિવેદનો પર વાત કરતા સૌરવે ANI ને કહ્યું, 'જુઓ, કંગના રનૌતજીને તેમની પાર્ટીના લોકો જ તેમને પૂછતા નથી, વધુ ગંભીરતાથી લેતા નથી, તો અમે શા માટે લઈએ. મને નથી લાગતું કે જનરલ ઝેડમાં કે જનરલ આલ્ફામાં કે કોઈ યુવા પેઢીમાં તેમને કોઈ ગંભીરતાથી લે છે.' આગળ સૌરવે કહ્યું, 'તેઓ રાજકારણી છે, નેતા પણ બની ગયા છે. તેમના કેટલાક વીડિયો પણ છે, જ્યારે તેઓ મંડી ગયા હતા. તેમણે કહ્યું હતું કે મેં તો વિચાર્યું હતું કે થોડું કામ કરવું પડશે, અહીં તો સાંસદ બનીને આટલું કામ કરવું પડે છે. આ તેમની ગંભીરતા દર્શાવે છે. તેઓ અમને બિન-ગંભીર કહી રહ્યા છે, તેમણે પોતાને જ ખુલ્લા પાડ્યા હતા. આના પર હું વધારે કંઈ કહીશ નહીં. શબ્દાવલી યોગ્ય નથી. નેતાઓએ શબ્દાવલી સંભાળી લેવી જોઈએ. પદની ગરિમા જાળવી રાખવી જોઈએ. તમારા કરતાં અનેક ગણું વધારે જન Z એ દેશ માટે કર્યું છે અને કરી રહ્યા છે.

## જેન-ઝી પર લાઠીચાર્જની સુપ્રીમ તપાસ કરાવશે, સગીરોને છોડવા આદેશ

નવી દિલ્હી

પેપર લીક થતા રોકવા, શિક્ષણ વ્યવસ્થામાં સુધારા સહિતની માગણીઓ સાથે દિલ્હીમાં યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શનો થયા તેની સાથે અન્ય રાજ્યોમાં પણ દેખાવો યોજાયા હતા. આ દરમિયાન જે પણ યુવાનોની પોલીસ દ્વારા અટકાયત કે ધરપકડ કરવામાં આવી હોય તેની સામે કોઈ જ કાર્યવાહી હાલ નહીં કરવા તમામ રાજ્યોને સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. આ સમયે જો કોઈ સગીર વયનાને અટકાયતમાં રખાયા હોય તો તેને તાત્કાલીક છોડી મુકવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટ પોલીસ કાર્યવાહી અને હિંસાની ઘટનાઓની તપાસના મુદ્દે એક એસઆઈટીની રચના પણ કરશે. જ્યારે ઘાયલ પોલીસકર્મીના પરિવાર તરફથી પણ અરજી કરવામાં આવી છે.

## NEET વિરોધી દેખાવોમાં પેલેટ ગનના ઉપયોગની હતી મંજૂરી: CRPFનો ધડાકો

નવી દિલ્હી

20 જુલાઈએ NEET પેપર લીક સામે ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહી અંગે CRPF ના એનાલિસિસ રિપોર્ટમાં મોટો ખુલાસો થયો છે. રિપોર્ટ અનુસાર, પ્રદર્શનકારીઓ પર કરવામાં આવેલી કાર્યવાહીમાં તમામ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) અને રમખાણ-વિરોધી નિયમોનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું. હિંસા રોકવા તબક્કાવાર કાર્યવાહી કરાઈ. રિપોર્ટ અનુસાર, વિરોધ પ્રદર્શન દરમિયાન પહેલા ચેતવણી અપાઈ હતી, પછી આંસુ ગેસ અને લાઠીચાર્જ જેવા ઓછી તીવ્રતાના ઉપાયો અજમાવવામાં આવ્યા હતા. આ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા અને ભીડ બેકાબૂ બની ત્યારે જ અંતિમ વિકલ્પ તરીકે પેલેટ ગન જેવા બિન-ઘાતક સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ હિંસક અથડામણમાં ધાતુના ધરાઓ વાગવાથી લગભગ 3 થી 5 પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. બીજી તરફ, પ્રદર્શનકારીઓ તરફથી કરવામાં આવેલા પથ્થરમારા અને લોખંડની રેલિંગ વડે કરાયેલા હુમલામાં RAF ના 47 જવાનો ઘાયલ થયા હતા, જેમાં 6 જવાનોને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. RAFના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે દક્ષ અધિકારી અથવા સ્થાનિક ACP/DCP ની લેખિત મંજૂરી મળ્યા બાદ જ આ કાર્યવાહી કરવામાં આવી હતી. કોઈ પણ આદેશ મૌખિક આપવામાં આવ્યો નહોતો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ઈડર પોલીસે દબાણો હટાવ્યા ત્રિરંગા સર્કલથી બસ સ્ટેન્ડ25 સામે કાર્યવાહી

ઈડર, જાકીર મેમણ

સુધી ટ્રાફિક સમસ્યા હળવી કરવા ઝુંબેશ ઈડર પોલીસે ત્રિરંગા સર્કલથી બસ સ્ટેન્ડ સુધીના અડચણરૂપ દબાણો હટાવ્યા છે. આ કાર્યવાહી જિલ્લા પોલીસ વડાની સૂચનાથી હાથ ધરવામાં આવી હતી, જેમાં 25 જેટલા દબાણકર્તાઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. ઈડર શહેરમાં ટ્રાફિક સમસ્યા સામાન્ય છે, ખાસ કરીને ત્રિરંગા સર્કલથી બસ સ્ટેન્ડ સુધી. હાલ કોઈ બાયપાસની સુવિધા ન હોવાથી આ સમસ્યા વર્ષોથી યથાવત છે. તહેવારોના દિવસોમાં ટ્રાફિક વધુ ગંભીર બને છે, આજે પૂનમના કારણે પણ ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો.

આ સમસ્યાને હળવી કરવા માટે ઈડર ડીવાયએસપી સ્મિત ગોહિલ અને પીઆઈ આર.એ. ચૌધરીના નેતૃત્વ હેઠળ પોલીસ સ્ટાફે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. તિરંગા સર્કલ, મામલતદાર કચેરીથી લઈને બસ સ્ટેન્ડ સુધીના દબાણો દૂર કરવામાં આવ્યા હતા ડીવાયએસપી સ્મિત ગોહિલે જણાવ્યું કે, 25 દબાણકર્તાઓ વિરુદ્ધ નિયમ અનુસાર કાર્યવાહી કરાઈ છે. તેમણે ઉમેર્યું કે, આ દબાણ હટાવવાની ઝુંબેશ આગામી પાંચ દિવસ સુધી ચાલુ રહેશે.

## વડોદરામાં રોંગ સાઇડ ડ્રાઈવિંગે લીધો માસૂમ વિદ્યાર્થીનીનો જીવ: GSRTC વોલ્વો બસ અને એક્ટિવા વચ્ચે ભયાનક અકસ્માત

વડોદરા

વડોદરા શહેરમાંથી વધુ એક કાળજુ કંપાવી દેનારા અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનને કારણે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. એક બ્રિજ પર જોખમી વળાંક પાસે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક્ટિવા ચાલક વિદ્યાર્થીની તૃપ્તિનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજતાં તેના પરિવારમાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ દુર્ઘટના GSRTC ની પૂરપાટ ઝડપે આવી રહેલી વોલ્વો બસ અને એક્ટિવા વચ્ચે સર્જાઈ હતી. ઘટના સમયે બ્રિજ પરના અત્યંત જોખમી વળાંક પાસે એક્ટિવા પર સવાર વિદ્યાર્થીની તૃપ્તિ રોંગ સાઈડમાંથી આગળ નીકળવાનો (ઓવરટેક કરવાનો) પ્રયાસ કરી રહી હતી. એ જ સમયે સામેથી આવી રહેલી વોલ્વો બસ સાથે એક્ટિવાનો ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે વિદ્યાર્થીનીને ગંભીર ઈજાઓ પહોંચતાં તેણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

## ગુજરાત અને છોટાઉદેપુરનું ગૌરવ: મુસ્લિમ સમાજની દીકરી ડૉ. પરવેઝાએ મેળવી Ph.D.ની ડિગ્રી

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના મુસ્લિમ સમાજ માટે ગૌરવ અને આનંદની ક્ષણ સર્જાઈ છે. ડૉ. પરવેઝાએ સફળતાપૂર્વક Ph.D. (ડોક્ટર ઓફ ફિલોસોફી) ની ડિગ્રી પ્રાપ્ત કરીને ગુજરાત તેમજ છોટાઉદેપુર જિલ્લાનું નામ ગૌરવભેર રોશન કર્યું છે.



વર્ષોની અવિરત મહેનત, લગન, સંઘર્ષ અને સતત અભ્યાસના પરિણામે તેમણે આ મહત્વપૂર્ણ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સફળતા માત્ર તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ સમગ્ર છોટાઉદેપુર જિલ્લાના મુસ્લિમ સમાજ માટે પણ ગૌરવની બાબત બની છે.

આ પ્રસંગે પરિવારજનોએ ડૉ. પરવેઝાનું ફૂલહાર પહેરાવી સન્માન કર્યું, મોં મીઠું કરાવ્યું અને તેમની સિદ્ધિની ખુશી ઉજવી હતી. સાથે જ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. પરવેઝાની આ સિદ્ધિ ખાસ કરીને યુવા દીકરીઓ અને વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધવાની પ્રેરણારૂપ બની રહેશે. તેમની સફળતા એ સંદેશ આપે છે કે દૃઢ સંકલ્પ, મહેનત અને શિક્ષણ દ્વારા કોઈપણ ઊંચાઈ હાંસલ કરી શકાય છે.

## સાબરકાંઠાના ઈડર શહેરમાં 20 વર્ષીય યુવકનો આપઘાત

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા ઈડરમાં 20 વર્ષીય યુવકનો આપઘાત ભોઈવાડા વિસ્તારમાં શોક, આપઘાતનું કારણ અકબંધ સાબરકાંઠાના ઈડર શહેરમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. શહેરના ભોઈવાડા વિસ્તારમાં રહેતા આશરે 20 વર્ષીય યુવકે પોતાના નિવાસસ્થાને ગઈકાલે રાત્રે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે.આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોમાં ચકચાર મચી ગઈ હતી અને શોકનું મોજું ફરી વળ્યું હતું. માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની વ્યવસ્થા કરી હતી. પ્રાથમિક તબક્કે યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે સ્પષ્ટ થયું નથી. સમગ્ર મામલે ઈડર પોલીસ વધુ તપાસ કરી રહી છે.પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ આપઘાત પાછળનું સાચું કારણ સામે આવશે.

## રાજકોટ-સોમનાથ હાઈવે પર ભયાનક અકસ્માત : નેપાળી યુવકનું કરૂણ મોત

રાજકોટ

રાજકોટ-સોમનાથ નેશનલ હાઈવે પર અકસ્માતોની વણઝાર યથાવત રહી છે, જેમાં તાજેતરમાં વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. રાજકોટ-સોમનાથ હાઈવે પર આવેલા જેતલસર ગામ નજીક હાઈવે ક્રોસ કરી રહેલા એક યુવકને પૂરઝડપે આવી રહેલી કારે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જેના કારણે સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર, અકસ્માતમાં ભોગ બનનાર યુવક મૂળ નેપાળનો વતની છે અને હાલ જેતલસર નજીક આવેલી જાણીતી 'વ્રજ વાટિકા' હોટેલમાં નોકરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો.

### વરસાદે નિર્માણકાર્યની પોલ ખોલી

# પીપળજમાં નવનિર્મિત સ્મશાનગૃહની પ્રોટેક્શન વોલ ધરાશાયી: ગ્રામજનોના કરવેરાના નાણાં પાણીમાં



ગાંધીનગર

ગાંધીનગરના પીપળજ ગામે સરકારી તંત્ર અને કોન્ટ્રાક્ટરની લોલમલોલ તથા લોટ પાણીને લાકડા જેવી કામગીરીનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. ગામમાં નદી કિનારે લાખોના ખર્ચે તૈયાર કરવામાં આવેલા નવીન સ્મશાનગૃહનો હજુ સુધી વિધિવત ઉપયોગ પણ શરૂ થયો નથી. ત્યાં જ ચોમાસાના પ્રારંભિક વરસાદમાં જ તેની પ્રોટેક્શન વાઈન્ડિંગ વોલ પત્તાની જેમ ધરાશાયી થઈ ગઈ છે. હજુ તો આ સ્મશાનગૃહનું નિર્માણના એક વર્ષનો સમય પણ વિત્યો નથી, ત્યાં જ આ પ્રકારે આખી સુરક્ષા દિવાલ જમીનદોસ્ત થઈ જતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ છે.

ચોમાસાના પહેલા જ વરસાદમાં નદી કિનારે આ ઊંચી સુરક્ષા દિવાલ કડડભૂસ થઈને સીધી નદી તરફ જતાં મુખ્ય રસ્તા પર આવી પડી હતી. સદનસીબે જે સમયે આ દિવાલ ધરાશાયી થઈ ત્યારે ત્યાંથી કોઈ વ્યક્તિ પસાર થઈ રહી ન હતી. જેથી એક મોટી હોનારત અટકી છે અને જાનમાલની કોઈ હાની થવા પામી નથી.

જો કે દિવાલનો મોટો કાટમાળ રસ્તા પર પથરાઈ જવાના કારણે નદી તરફ જવાનો માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. જેનાથી ગ્રામજનો અને પશુપાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.આ ઘટના બાદ સ્થાનિક ગ્રામજનોમાં વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની નીતિ સામે આક્રોશ ફાટી નીકળ્યો છે.

લોકોનો આક્ષેપ છે કે, સામાન્ય જનતાના પરસેવાના ટેક્સના નાણાંમાંથી સરકારી વિકાસકામો મંજૂર કરવામાં આવે છે. પરંતુ સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીઓ અને લાલચુ કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગતને કારણે અત્યંત હલકી ગુણવત્તાવાળા મટીરીયલનો ઉપયોગ કરી આવી નબળી કામગીરી કરવામાં આવે છે. નવ નિર્મિત સ્મશાનગૃહ પ્રજાના ઉપયોગમાં આવે તે પહેલા જ દિવાલ તૂટી પડે તે સાબિત કરે છે કે નિર્માણ કાર્યમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

હાલ તો ગ્રામજનોએ સમગ્ર મામલે તંત્ર પાસે કડક અને નિષ્પક્ષ તપાસની માંગ ઉઠાવી છે.

લોકો માંગ કરી રહ્યા છે કે સ્મશાનગૃહની કામગીરીની ગુણવત્તા ચકાસીને જવાબદાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવામાં આવે તેમજ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી દંડ ફટકારવામાં આવે. આ ઉપરાંત જે પણ સરકારી ઈજનેરો કે અધિકારીઓની દેખરેખ હેઠળ આ નબળું કામ થયું હોય તેમની સામે પણ ત્વરિત પગલાં ભરીને પ્રજાના નાણાંનો દુરુપયોગ અટકાવવામાં આવે તે જરૂરી બન્યું છે.

### સાધલીમાં SMCનો ધડાકો : શિનોર પોલીસ ઊંઘતી ઝડપાતાં આબરૂના ધાજીયા ઊડ્યા!

## 12.71 લાખના મુદ્દામાલ સાથે 14 જુગારીઓ ઝડપાયા

શિનોર/વડોદરા

વડોદરા જિલ્લાનો શિનોર તાલુકો જાણે ગેરકાયદેસર કાળા કારોબાર અને બે નંબરના ધંધાઓનું એપીસેન્ટર બની ગયો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ગાંધીનગરની ટીમે ૨૮ જુલાઈના રોજ શિનોર તાલુકાના સાધલી ગામે કાયાવરોહણ રોડ પર આવેલા લાસી ફાર્મ સામે ગૌચર જેવી ખુલ્લી જગ્યામાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર સરપ્રાઈઝ રેડ પાડીને શિનોર પોલીસ સ્ટેશનની કામગીરીનું સરઘસ કાઢી નાખ્યું છે. SMC ના PI એમ. એસ. ત્રિવેદીની હાજરીમાં પડેલા આ દરોડામાં ૧૪ નામચીન જુગારીઓ રંગેહાથ ઝડપાઈ ગયા છે, જ્યારે ૧૨.૭૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી શિનોર પોલીસને સોંપવામાં આવ્યો છે. રેડની વિગત: ૫ જિલ્લાના ખેલીઓનો જમાવડો, ૧૪ ઝડપાયા અને ૨ ભાગી છૂટ્યા.



SMC ગાંધીનગરના હેડ કોન્સ્ટેબલ ચિરાગ આનંદભાઈની ફરિયાદના આધારે શિનોર પોલીસ મથકે જુગારધારા કલમ ૧૨ અને BNS ૨૦૨૩ ની કલમ ૧૧૨(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. દરોડા દરમિયાન પોલીસે નીચે મુજબનો મુદ્દામાલ કબ્જે કર્યો છે: રોકડ રકમ: અંગઝડતી અને દાવના ૨,૪૦,૦૦૦/- મોબાઈલ ફોન: ૧૬ નંગ મોબાઈલ (કિંમત ૮૧,૦૦૦/-) વાહનો: ૧ મોટરસાયકલ (૫૦,૦૦૦/-) અને ૨ ફોર વ્હીલર ગાડીઓ (૯,૦૦૦૦/-) કુલ મુદ્દામાલ: ૧૨,૭૧,૦૦૦/- ઝડપાયેલા આરોપીઓ: આરીફ સિંધી (સાધલી), સાહેલ સીદીક મિર્ઝા (વડોદરા), અજય જયંતિ માછી (શિનોર), હસન મુરાદ સિંધી (તાંદલજા), પ્રવિણ દલસુખ રાણા (ભરૂચ), જહીર યુસુફ શેખ (સુરત), હાર્દિક રાજેશ પટેલ (ભરૂચ), અજય ખોડા વસાવા (પાણેથા), ચંદ્રેશ કંચન તડવી (વડોદરા), રાજેશ અનંત જાની (સુરત), ફારુક સફી મેમન (કરજણ), શબ્બીર નસીર પઠાણ (રાજપીપળા), અશોક ચંદુ જોટંગીયા (રાજકોટ) અને સમીર આદમ સિંધી (સાધલી). જ્યારે અસલમ મન્સૂરી (સાધલી) અને ઐયુબ પઠાણ (સાધલી) દરોડા દરમિયાન ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. શિનોર પોલીસની નિષ્ક્રિયતાનો આ કોઈ પહેલો કિસ્સો નથી. ગત ૩૦ જૂન ૨૦૨૬ના રોજ જિલ્લા પોલીસ વડાના હુકમથી શિનોર પોલીસ સ્ટેશનમાંથી ૧૦ પોલીસ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા.

## ગુરુ પૂર્ણિમા નિમિત્તે આસોદર ખાતે શંભુગીરી મહારાજની જગ્યામાં ભક્તોનો માનવમહેરામણ

### હજારોની સંખ્યામાં ભક્તોએ દર્શન કરી ગુરુવંદના અર્પણ કરી; દર પૂનમે ભોજન પ્રસાદની સેવા યથાવત

અમદાવાદ

ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે આસોદર ગામે આવેલ શંભુગીરી મહારાજની પવિત્ર જગ્યામાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ ભક્તોએ દર્શન, પૂજન અને ગુરુવંદના કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે જગ્યાના મહંત રેવાપુરી બાપુ તેમજ તેમના શિષ્યો ભાવેશપુરી બાપુ અને હંસપુરી બાપુનું સેવકો અને ભક્તો દ્વારા વિધિવત્ પૂજન કરી ગુરુ પૂર્ણિમાની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જગ્યામાં દર પૂનમે ભક્તો માટે નિઃશુલ્ક ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવે છે, જેના કારણે મોટી સંખ્યામાં



શ્રદ્ધાળુઓ લાભ લેતા હોય છે. ગુરુ પૂર્ણિમાના દિવસે પણ ભક્તો માટે સુવ્યવસ્થિત ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ચાંદીપુરા વાયરસનો કાળો કેર

## ગાંધીનગરના ચરાડા ગામના બાળકે તબીબી સારવાર દરમિયાન દમ તોડ્યો

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં ઘાતક ચાંદીપુરા વાયરસનો પ્રકોપ સતત વધી રહ્યો છે. આ રહસ્યમય અને ગંભીર વાયરસે વધુ એક માસૂમ બાળકનો જિંદગીનો દીવો બુઝાવી દીધો છે. માણસા તાલુકાના ચરાડા ગામના 4 વર્ષના બાળકે હોસ્પિટલમાં સારવાર દરમિયાન આખરી શ્વાસ લીધા છે. આ દુઃખદ ઘટના સાથે જ ગાંધીનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા વધીને ૨ થઈ ગઈ છે, જેના પગલે સ્થાનિક રહીશો અને આરોગ્ય વિભાગમાં ભારે ફાળ પડી છે. મળતી વિગતો અનુસાર, ગત ૨૫ જુલાઈના રોજ ચરાડા ગામના 4 વર્ષીય બાળકને અચાનક સખત તાવ આવવાની સાથે ઊલટી થવાની શારીરિક તકલીફો શરૂ થઈ હતી. બાળકની સ્થિતિ લથડતાં જ પરિવારે તેને તાત્કાલિક માણસાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. સારવાર દરમિયાન બાળકને ખેંચ આવવાની ગંભીર સમસ્યા ઊભી થતાં તેની પરિસ્થિતિ વધુ નાજુક બની હતી, જેથી તબીબોએ તેને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવાની



ફરજ પડી હતી. બીમારીના ચોક્કસ નિદાન માટે લેવાયેલા સેમ્પલના લેબોરેટરી રિપોર્ટમાં બાળક ચાંદીપુરા વાયરસથી સંક્રમિત હોવાનું ખુલ્લું પડ્યું હતું. હોસ્પિટલના તબીબોની ટીમે બાળકને બચાવવાના તમામ ભગીરથ પ્રયાસો કર્યા હોવા છતાં ગઈકાલે મોડી સાંજે સારવાર દરમિયાન આ માસૂમનું મોત નીપજ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી મોતનો આ બીજો કિસ્સો સામે આવ્યો છે: પ્રથમ મોત (જાસપુર ગામ): આ અગાઉ કલોલ તાલુકાના જાસપુર ગામના અઢી વર્ષના બાળકમાં ચાંદીપુરાના લક્ષણો દેખાયા બાદ 21 જુલાઈના રોજ સારવાર દરમિયાન મોત થયું હતું. હાલની સ્થિતિ (ચંદ્રાલા ગામ): જિલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરા વાયરસના કુલ 3 સત્તાવાર કેસ નોંધાયા છે, જેમાં 2 બાળકોના મોત થયા છે.

ત્રીજો કેસ ચંદ્રાલા ગામના 15 વર્ષના કિશોરનો છે, જેની હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ગંભીર અવસ્થામાં સારવાર ચાલી રહી છે.

## ગુરુ પૂર્ણિમાના પવિત્ર પર્વે 'માં અંબા'ના ચરણોમાં શિશ નમાવતા ધાની મીડિયાના ગ્રુપ એડિટર પવન માકન

અંબાજી/અમદાવાદ

આજે પવિત્ર ગુરુ પૂર્ણિમાના શુભ અને મંગલમય દિવસે વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભક્તિ અને શ્રદ્ધાનો અલૌકિક સંગમ જોવા મળ્યો હતો. આ ખાસ પ્રસંગે ધાની મીડિયાના ગ્રુપ એડિટર શ્રી પવન માકન એ માં અંબાના નિજ મંદિરે પહોંચીને માતાજીના ભાવપૂર્વક દર્શન કર્યા હતા અને માં અંબાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. જગતજનની અંબાના ચરણોમાં વિશ્વકલ્યાણની પ્રાર્થના : ગુરુ પૂર્ણિમાના પવિત્ર અવસરે માતાજીના દર્શન કર્યા બાદ પવન માકનજીએ તમામ ભક્તો અને દેશવાસીઓ માટે માં અંબાના ચરણોમાં પ્રાર્થના કરી હતી. તેમણે મનોકામના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'જગતજનની માં અંબા તમામ શ્રદ્ધાળુઓ અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ કરે તથા સૌના જીવનમાંથી દુઃખ, તકલીફો અને સંકટો દૂર કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે.' ૧૭ વર્ષથી અખંડ શ્રદ્ધા: દર પૂનમે માં અંબાના દરબારમાં આપી હાજરી : અંબાજી ધામ સાથે પવન



માકનજીનો ભક્તિભાવ ખૂબ જ ઘાટો અને વર્ષો જૂનો છે. તેઓ છેલ્લા ૧૭ વર્ષોથી અવિરત અને અખંડ રીતે દર પૂનમે માં અંબાના દર્શન કરવા અંબાજી મંદિરે આવે છે. ૧૭ વર્ષથી ચાલી આવતી આ નિયમિત પૂનમની યાત્રા તેમની માં અંબા પ્રત્યેની અપાર શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુ અને માં અંબા બંનેના આશીર્વાદ મેળવીને તેમણે ધન્યતા અનુભવી હતી. મંદિર પરિસરમાં તેમની ઉપસ્થિતિ અને માતાજી પ્રત્યેની ગાઢ શ્રદ્ધા જોઈને અન્ય ભક્તોમાં પણ એક અનોખી ઊર્જા અને ભક્તિનો સંચાર થયો હતો.

## "હવે અન્યાય સહન નહીં થાય!": આદિવાસી ખેડૂતોને એકજૂથ થવા સાંસદ મનસુખ વસાવાનું લલકાર!

### મનસુખ વસાવાના આ આક્રમક આહવાન બાદ ગાંધીનગરના સત્તાધારી ગલિયારામાં સન્નાટો છવાઈ ગયો છે. આદિવાસી સમાજમાં મનસુખ વસાવાનો જનાધાર ખૂબ મોટો છે, જો તેઓ ખેડૂતોને લઈને રસ્તા પર ઉતરશે, તો સરકાર માટે તેને રોકવું અત્યંત મુશ્કેલ બની જશે

ગાંધીનગર/ભરૂચ

ગુજરાતના આદિવાસી બેલ્ટમાં ફરી એકવાર વિરોધનો વંટોળ ઊઠ્યો છે. ભાજપના જ વરિષ્ઠ અને નીડર સાંસદ મનસુખ વસાવાએ આદિવાસી ખેડૂતોના હક અને અધિકારો માટે સત્તાધીશો સામે બગાવતનો સૂર પૂરાવ્યો છે. સાંસદ મનસુખ વસાવાએ તમામ આદિવાસી ખેડૂતોને એકમંચ પર ભેગા થવાનું આહવાન કરતા રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શાસક પક્ષના સાંસદ જ જ્યારે પોતાની જ સરકારની નીતિઓ સામે ખેડૂતોને એકજૂથ થવા હાકલ કરે, ત્યારે એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે આદિવાસી વિસ્તારોમાં અસંતોષનો જ્વાળામુખી ફાટવાની અણી પર છે! સાંસદ મનસુખ વસાવાએ તીખા બોલ બોલતા આદિવાસી ખેડૂતોની વેદનાને વાચા આપી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આદિવાસી ખેડૂતોની જમીનો, તેમના જળ, જંગલ અને જમીનના અધિકારો પર સતત તરાપ મારવામાં આવી રહી છે. વિકાસના નામે આદિવાસીઓને બેઘર અને જમીનવિહોણા કરવાનો ખેલ હવે નહીં ચાલે. તેમણે ખેડૂતોને હાકલ કરતા કહ્યું કે, 'જો આજે આપણે ભેગા નહીં થઈએ અને આપણો અવાજ નહીં ઉઠાવીએ, તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે. આપણી જમીનો અને આપણા હક બચાવવા માટે હવે રસ્તા પર ઉતરીને આંદોલન કરવાનો સમય આવી ગયો છે.'

દક્ષિણ ગુજરાતથી લઈને અંબાજી સુધીના આદિવાસી પટ્ટામાં આ અહેવાલ વાયુવેગે પ્રસરતા ખેડૂતોમાં ભારે જોશ જોવા મળી રહ્યો છે. જગ્યા જગ્યાએ ખેડૂત બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે અને એક મોટું, ઐતિહાસિક આંદોલન ઊભું થાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ: સરકાર ક્યાં સુધી આદિવાસીઓની વેદના અણદેખી કરશે? આદિવાસી ખેડૂતો એ માત્ર વોટબેંક નથી, આ દેશના અન્નદાતા અને જમીનના સાચા માલિક છે. જ્યારે શાસક પક્ષના જ સાંસદે વિરોધનું બિગલ વગાડવું પડે, ત્યારે સરકારની નીતિઓ પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન મુકાય છે.

ગુજરાત પોલીસની રિવોર્ડ સિસ્ટમમાં મોટો ફેરફાર

# DGP કમેન્ડેશન ડિસ્ક હવે 110ને બદલે 148 પોલીસકર્મીને મળશે..!

- 30 હજારથી વધુ નવી ભરતી બાદ રિવોર્ડ સિસ્ટમનો વ્યાપ વધાર્યો
- ગુના નિવારણ ઉપરાંત ટ્રાફિક અને ચૂંટણીની કામગીરી પણ ગણાશે

**ગાંધીનગર**

ગુજરાત પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓની ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે પોલીસ વિભાગની વાર્ષિક રિવોર્ડ સિસ્ટમમાં મહત્વપૂર્ણ સુધારા કર્યા છે. પોલીસ દળની વધતી સંખ્યા અને બદલાતા પડકારોને ધ્યાનમાં રાખીને દર વર્ષે આપવામાં આવતા 'DGP કમેન્ડેશન ડિસ્ક'ની સંખ્યા 110થી વધારીને 148 કરવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે પોલીસ વિભાગના વહીવટી કામકાજમાં મહત્વની ભૂમિકા ભજવતા સિવિલિયન સ્ટાફ માટે પ્રથમવાર 'DGP કમેન્ડેશન રોલ'ની નવી સન્માન પ્રણાલી પણ શરૂ કરવામાં આવી છે.

ગુજરાત પોલીસમાં વર્ષ 2019થી 2026 દરમિયાન 30 હજારથી વધુ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ભરતી થઈ છે. છેલ્લા છ વર્ષમાં નવી રેન્જ અને જિલ્લાઓની રચના ઉપરાંત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ અને એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ જેવી વિશિષ્ટ અને હાઈ-ટેક યુનિટ્સ પણ કાર્યરત થઈ છે. પોલીસ કમિશનરેટોના કાર્યક્ષેત્રમાં પણ વધારો થયો છે. પોલીસ દળની વધતી જવાબદારીઓ અને નવા પડકારો વચ્ચે રાત-દિવસ ફરજ બજાવતા કર્મચારીઓના ઉત્સાહ અને મનોબળને વધારવા માટે એવોર્ડ સિસ્ટમને વધુ વ્યાપક બનાવવામાં આવી છે.

સુધારેલી રિવોર્ડ સિસ્ટમ હેઠળ હવે માત્ર ગુના નિવારણ કે તપાસમાં ઉત્કૃષ્ટ કામગીરી જ નહીં, પરંતુ વહીવટી ફરજ, ટ્રાફિક વ્યવસ્થાપન, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમતમાં સિદ્ધિ તેમજ ચૂંટણી દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરીને પણ એવોર્ડ માટે ધ્યાનમાં લેવામાં આવશે. સાથે જ એવોર્ડ મેળવવા માટેની લઘુત્તમ સેવાની અવધિ 7 વર્ષથી ઘટાડીને 5 વર્ષ કરવામાં આવી છે.

'DGP કમેન્ડેશન ડિસ્ક'ની પાત્રતાના વ્યાપમાં પોલીસના વિવિધ યુનિટ્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS), માઉન્ટેડ યુનિટ, ડોગ યુનિટ, આર્મરર તેમજ બેન્ડ સ્ટાફના જવાનોને પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ નિર્ણયથી પોલીસ દળની વિવિધ શાખાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મચારીઓને પણ યોગ્ય સન્માન મળી શકશે. પોલીસ વિભાગની કામગીરીમાં પડદા પાછળ રહીને મહત્વની ભૂમિકા ભજવતા સિવિલિયન સ્ટાફ માટે પ્રથમવાર નવી સન્માન પ્રણાલી શરૂ કરવામાં આવી છે.

### દર 15 ડિસેમ્બરે કરાશે સન્માનિત

'DGP કમેન્ડેશન ડિસ્ક' અને 'DGP કમેન્ડેશન રોલ'નું વિતરણ દર વર્ષે 15 ડિસેમ્બરે કરવામાં આવશે. ગુજરાત પોલીસ માટે આ તારીખ વિશેષ ઐતિહાસિક મહત્વ ધરાવે છે, કારણ કે આ જ દિવસે ગુજરાત પોલીસને પ્રતિષ્ઠિત 'પ્રેસિડેન્ટ કલર્સ' (President's Colours) થી સન્માનિત કરવામાં આવી હતી. આ સુધારાઓ સાથે ગુજરાત પોલીસના કોઈપણ કર્મચારી, અધિકારી કે સિવિલિયન સ્ટાફના સભ્યની અસાધારણ કામગીરી અણદેખી ન રહે અને ઉત્કૃષ્ટ યોગદાનને યોગ્ય મંચ પર સન્માન મળે તે દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

## CBI હિરો અવતારમાં: 20,000 પેજની ચાર્જશીટ, NEET-UG પેપરલીકમાં 92 સ્થાનો પર રેડ, 13 લોકોની ધરપકડ!

**અમદાવાદ**

દેશના કરોડો યુવાનો અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારા NEET-UG પેપરલીક કાંડમાં કેન્દ્રીય તપાસ એજન્સી (CBI) એ અત્યાર સુધીની સૌથી મોટી અને કડક કાર્યવાહી કરીને પેપરલીક માફિયાઓનું કમરતોડ નેટવર્ક બરાબરનું વીંધી નાખ્યું છે. CBI એ આ હાઈપ્રોફાઈલ કેસમાં એક્શન મોડમાં આવીને સમગ્ર દેશમાં ધડાધડ દરોડા પાડ્યા છે અને અદાલતમાં રૂંવાડા ઊભા કરી દે તેવી દાવપેચ ભરેલી દસ્તાવેજી પુરાવાઓ સાથેની ચાર્જશીટ રજૂ કરી દીધી છે. CBI ની વિશેષ ટીમોએ આંતરરાજ્ય પેપરલીક સિન્ડિકેટનો પર્દાફાશ કરવા માટે દેશભરમાં અલગ-અલગ ૯૨ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. આ સર્ચ ઓપરેશન દરમિયાન એજન્સીના હાથે ડિજિટલ એવિડન્સ, શંકાસ્પદ નાણાકીય વ્યવહારો અને પ્રશ્નપત્રો લીક કરવાના નક્કર પુરાવા હાથ લાગ્યા છે. તપાસ બાદ CBI એ અદાલતમાં ૨૦,૦૦૦ થી પણ વધુ પેજની વિશાળ ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં પેપરલીકનું કાવતરું ક્યાં ઘડાયું, પ્રશ્નપત્ર કેવી રીતે બહાર આવ્યું અને કયા માફિયાઓએ કેટલા કરોડ રૂપિયાની ઉઘરાણી કરી તે તમામ કાળા કારનામાનો ચિઠ્ઠો ખોલી દેવામાં આવ્યો છે. આ સનસનાટીભર્યા કેસમાં CBI એ અત્યાર સુધીમાં કાવતરાના મુખ્ય સૂત્રધારો, સેટિંગબાજો અને વચેટિયાઓ સહિત ૧૩ જેટલા હાઈપ્રોફાઈલ આરોપીઓની ધરપકડ કરી જેલભેગા કરી દીધા છે.

એજન્સીની આ આક્રમક કાર્યવાહીથી સમગ્ર દેશમાં ચાલી રહેલા એજ્યુકેશન માફિયા નેટવર્કમાં ફફડાટ વ્યાપી ગયો છે.

કોંગ્રેસના ડૉ. મનીષ દોશીના ભાજપ સરકાર પર પ્રહાર

## શિક્ષણ ભ્રષ્ટ, ભવિષ્ય નષ્ટ: રાજ્યમાં 3 વર્ષમાં 1,899 યુવાનોનો આપઘાત..!

**અમદાવાદ**



ગુજરાતમાં ભ્રષ્ટ શિક્ષણ વ્યવસ્થા, વારંવાર ફૂટતા પેપરલીક, અસહ્ય શૈક્ષણિક દબાણ અને મોંઘાદાટ કોચિંગ કૌભાંડો વચ્ચે દેશનું યુવાધન માનસિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ અખબારી યાદી જાહેર કરીને રાજ્ય અને દેશમાં વિદ્યાર્થીઓની વધી રહેલી આત્મહત્યાઓ પર અત્યંત આકરા અને તીખા પ્રહારો કર્યા છે. તેમણે આંકડાકીય વિગતો સાથે દાવો કર્યો છે કે, 'પેપરલીક એ માત્ર પ્રશ્નપત્રની ચોરી નથી, પરંતુ લાખો યુવાનો અને તેમના વાલીઓના સપનાઓની ચોરી છે.'

કોંગ્રેસે જાહેર કરેલા ચોંકાવનારા આંકડા મુજબ: ગુજરાતનો ભયાનક આંકડો: છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૨૨થી ૨૦૨૪ દરમિયાન) ગુજરાતમાં ૧,૮૯૯ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે. એટલે કે રાજ્યમાં સરેરાશ દર બે દિવસે ૩ વિદ્યાર્થીઓ પોતાનું જીવન ટૂંકાવી રહ્યા છે. દીકરીઓની સ્થિતિ ચિંતાજનક: આ ત્રણ વર્ષમાં ૧,૦૨૪ માસૂમ દીકરીઓએ આત્મહત્યાનું અંતિમ પગલું ભર્યું છે. પરીક્ષાનો ડર અને બેરોજગારી: માત્ર ૨૦૨૪ના વર્ષમાં પરીક્ષામાં નાપાસ થવાના ડરથી ૧૦૮ બાળકોએ અને બેરોજગારીથી કંટાળીને ૧૫૯ યુવાનોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રાષ્ટ્રીય કટોકટી: દેશભરમાં છેલ્લા ૧૦ વર્ષમાં (૨૦૧૪-૨૦૨૪) ૧.૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, જ્યારે છેલ્લા ૩ વર્ષમાં દેશભરમાં ૪૧,૪૨૪ વિદ્યાર્થીઓના કમનસીબ મોત થયા છે. ડૉ. મનીષ દોશીએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે તાજેતરમાં NEET પરીક્ષાના પેપરલીકના કારણે હતાશ થઈને દેશભરમાં ૨૧ જેટલા બાળકોએ આત્મહત્યા કરી હતી, જેમાં ગુજરાતનો પણ એક હોનહાર વિદ્યાર્થી સામેલ હતો.

તેમણે જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં NEET, CUET અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ૧૫૨થી વધુ ગેરરીતિઓ અને પેપરલીકના બનાવો બન્યા છે.

## ગાંધીનગરમાં બિન અનામત વર્ગ નિગમની યોજનામાં અમદાવાદના બે ભેજાબાજોએ ખેલ પાડ્યો


**અમદાવાદ**

ગુજરાત બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ માટે મળતી સરકારી સહાયમાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ફુગ્ગો ફૂટી ગયો છે. ગાંધીનગર સેક્ટર-10 સ્થિત કર્મયોગી ભવન ખાતે આવેલી સમાજ કલ્યાણ અધિકારીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ બાદ રાજ્યના ગરીબ વિદ્યાર્થીઓને અપાતી આર્થિક સહાયના નામે રૂ.16.54 લાખથી ઉચાપત આચરવા બદલ અમદાવાદના બે મુખ્ય સૂત્રધારો ગાંધીનગર ઝોન સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી વિગતો અનુસાર, જીગ્નેશ સુનિલકુમાર શાહ (રહે. બી-61, પંચવટી પાર્ક સોસાયટી, વિરાટનગર રોડ, ઓઢવ, અમદાવાદ) તથા પુજન રાજેંદ્રપ્રસાદ ચૌહાણ (રહે.7/208, મકરંદ દેસાઈનગર, ભગવતીનગર, વ્યાપારી મહામંડળની પાછળ, ઓઢવ-સિંગરવા રોડ, ઓઢવ) અમદાવાદના નિકોલ મનમોહન પાર્ક પાસે આવેલ આદિત્ય ફ્લેટ શોપ નંબર 1 માં વંદેમાતરમ સાયબર કાફે ચલાવતા હતા. આ ભેજાબાજોએ ગુજરાત બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો માટે મળતી નાણાકીય સહાય યોજનાનો દુરુપયોગ કરી સમગ્ર કાવતરું રચ્યું હતું. બંને આરોપીઓએ અમદાવાદ, ખેડા અને સુરત જિલ્લાના 200થી વધુ નિર્દોષ વિદ્યાર્થીઓને નિગમની યોજના હેઠળ સહાય મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરાવડાવ્યા હતા.

શું ગણેશ ગોંડલ કેસ હવે CBI પાસે જશે?

## રાજકુમાર જાટ કેસમાં હાઈકોર્ટની લાલ આંખ: CCTV તપાસના આદેશ

**અમદાવાદ/ગોંડલ**





ચર્ચિત અને ચકચારી રાજકુમાર જાટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવતાં સમગ્ર રાજ્યના રાજકારણ અને પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. હાઈકોર્ટે આ કેસમાં CCTV ફૂટેજની ઊંડાણપૂર્વક અને ચોક્કસ તપાસ કરવાના આદેશ આપ્યા છે. આ સાથે જ અદાલતે અત્યંત સણસણતો સવાલ ઊભો કર્યો છે કે, કોઈપણ વ્યક્તિ એક જ રાતમાં ૫૨ કિલોમીટર જેટલું અંતર નગ્ન હાલતમાં કેવી રીતે ચાલી શકે? હાઈકોર્ટે પોલીસ પ્રશાસનને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે જો પોલીસ દ્વારા તમામ CCTV ફૂટેજ અને પુરાવાઓની યોગ્ય રીતે તપાસ કરવામાં નહીં આવે, તો ગણેશ ગોંડલ અને રાજકુમાર જાટ કેસની તપાસ તુરંત CBI (કેન્દ્રીય તપાસ એજન્સી) ને સોંપી દેવામાં આવશે. રાજકુમાર જાટ સાથે બનેલી કથિત ઘટના બાદ સામે આવેલી દલીલો સામે હાઈકોર્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા છે: ૫૨ કિલોમીટરનું રહસ્ય: એક રાતમાં નગ્ન હાલતમાં ૫૨ કિલોમીટર ચાલીને જવું એ વ્યવહારિક રીતે અને શારીરિક રીતે કેટલું શક્ય છે? પોલીસ તપાસ પર સવાલ: શું સ્થાનિક પોલીસ ક્યાંક નરમ વલણ દાખવી રહી છે? CCTV માં કઈ-કઈ કડીઓ છુપાવવાનો કે અવગણવાનો પ્રયાસ થયો છે? જનતામાં ચર્ચા: શું જયરાજસિંહના વર્ચસ્વ વચ્ચે CBI તપાસ શક્ય બનશે? ગોંડલના રાજકારણમાં માજી ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા અને તેમના પરિવારનો દબદબો સર્વવિદિત છે. ગણેશ ગોંડલનું નામ આ હાઈપ્રોફાઈલ કેસ સાથે જોડાયેલું હોવાથી લોકોમાં અને સોશિયલ મીડિયા પર અનેક ચર્ચાઓ જાગી છે.

વડોદરામાં ડ્રગ્સ ફ્રી સિટી ઝુંબેશને મોટી સફળતા

## સયાજીગંજ પોલીસે રેલવે સ્ટેશન પાસેથી 474 ગ્રામ ગાંજા સાથે 3 તસ્કરોને દબોચ્યા

**વડોદરા**




વડોદરા શહેરના યુવાધનને નશાની ઘાતક લતમાંથી મુક્ત કરાવવા અને માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્કને ઉખાડી ફેંકવા માટે ચાલી રહેલી સ્પેશિયલ ઝુંબેશ અંતર્ગત સયાજીગંજ પોલીસને મોટી સફળતા સાંપડી છે. વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૬ પાસે આવેલા 'જય માતાજી' પાર્કિંગ/ફૂટપાથ પર દરોડો પાડીને પોલીસે ગેરકાયદેસર ગાંજાના જથ્થા સાથે એક પુરુષ અને બે મહિલાઓ સહિત કુલ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

સયાજીગંજ પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વડોદરા રેલવે સ્ટેશન નજીક માદક પદાર્થનો જથ્થો ઉતારીને તેનું વેચાણ કરવાની પેરવી થઈ રહી છે. બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૬ પાસે આવેલા જય માતાજી પાર્કિંગ અને ફૂટપાથ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી રૂકસાના, પુષ્પા અને આસિફ ઉર્ફે માહિર નામના ત્રણેય શંકાસ્પદ આરોપીઓને ઘેરી લઈને કાયદાના શિકંજામાં લીધા હતા. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં નશાના આ કાળા કારોબારની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. આરોપી રૂકસાના અને પુષ્પાએ ગાંજાનો જથ્થો ખરીદવા માટે આસિફ ઉર્ફે માહિરને સુરત મોકલ્યો હતો.

સંચાલક પિતા-પુત્રોએ લોકર બ્રેકર સાથે મળી ઘડ્યું કાવતરું

## સુરતના નક્ષત્ર સેફ હાઉસમાંથી ₹2.67 કરોડના 206 તોલા સોનાની સનસનાટીભરી ચોરી કરાઈ

**સુરત**

ડાયમંડ અને ગોલ્ડ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાંથી ગુનાખોરી અને ચોરીનો એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે જેણે સમગ્ર રાજ્યના વેપારીઓ અને બિલ્ડરોને આંચકો આપ્યો છે. સુરતમાં આવેલા જાણીતા 'નક્ષત્ર સેફ હાઉસ'માંથી રૂ. ૨.૬૭ કરોડની કિંમતનું ૨૦૬ તોલા સોનું ગાયબ થતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ચોંકાવનારી વાત એ છે કે આ હાઈપ્રોફાઈલ ચોરી કોઈ બહારની ગેંગે નહીં, પરંતુ સેફ હાઉસના સંચાલક પિતા-પુત્રોએ લોકર બ્રેકર સાથે મળીને આચરી હોવાનો ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, લોકો જે સેફ હાઉસ પર વિશ્વાસ મૂકીને પોતાની કરોડોની કિંમતી જ્વેલરી અને સોનું અનામત રાખતા હતા, ત્યાં જ મોટો વિશ્વાસઘાત થયો છે. નક્ષત્ર સેફ હાઉસના સંચાલક પિતા અને તેમના પુત્રોએ પોતાના જ સેફ હાઉસમાંથી માલ સફાચટ કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ કાવતરાને અંજામ આપવા માટે તેમણે ખાસ 'લોકર બ્રેકર' (લોકર તોડવામાં માહિર શખ્સ)ની મદદ લીધી હતી. ખૂબ જ ચાલાકીપૂર્વક અને કોઈને શંકા ન જાય તે રીતે લોકરો તોડીને ૨૦૬ તોલા જેટલું કિંમતી સોનું ચોરી લેવામાં આવ્યું હતું. નક્ષત્ર સેફ હાઉસની બે અલગ-અલગ બ્રાંચમાં આ કાળો કારોબાર સામે આવતાં જ લોકરધારકોમાં ભારે દોડધામ મચી ગઈ છે. સુરતના અગ્રણી બિલ્ડરો, ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ પોતાના કિંમતી દાગીના અને સોનું આ સેફ હાઉસમાં રાખ્યું હતું.

જેતપુરમાં પેસેન્જરોના ખિસ્સા ખાલી કરતી

## સાતિર રીક્ષા ગેંગના 4 શખ્સોને દબોચી લેતી રાજકોટ ગ્રામ્ય LCB

**જેતપુર, સુરેશ ભાલીયા**




જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રીક્ષામાં પેસેન્જર બેસાડી, વાતોચીતોમાં તેમનું ધ્યાન ભટકાવી નજર ચૂકવીને રોકડ રકમની ચોરી કરતી રીક્ષા ગેંગનો રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. રાજકોટ રેન્જ આઈ.જી.નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ, LCB પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવની ટીમ પેટ્રોલિંગમાં હતી.

તે દરમિયાન મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે પોલીસે આ રીક્ષા ગેંગના ચાર સાગરીતોને ચોરીના રોકડા રૂપિયા, મોબાઈલ અને ગુનામાં વપરાયેલી રીક્ષા સહિત કુલ ૧,૩૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલવામાં મોટી સફળતા મેળવી છે. ઘટનાની વિગત મુજબ, ફરિયાદી દિનેશભાઈ મંગળિયાભાઈ ડામોર (રહે. જેતપુર) જેતપુર સરદાર ચોકથી રીક્ષામાં બેસીને જેતલસર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રીક્ષામાં અગાઉથી જ પેસેન્જર તરીકે બેસેલા આ શાતિર શખ્સોએ ફરિયાદીને વાતોમાં ભોળવી તેમનું ધ્યાન ભટકાવ્યું હતું અને તેમના પેન્ટના ખિસ્સામાંથી ૧૫,૦૦૦/- ની રોકડ રકમ સેરવી લીધી હતી. આ અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાતા LCB ની ટીમે તપાસ હાથ ધરી આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે ગુનામાં વપરાયેલી ઓટો રીક્ષા કિંમત ૧,૦૦,૦૦૦, ચાર નંગ મોબાઈલ ફોન કિંમત ૨૦,૦૦૦ અને રોકડા ૧૯,૦૦૦ સહિત કુલ રૂપિયા ૧.૩૯.૦૦૦ કબ્જે કર્યા છે.

શું ત્રીજું એકાઉન્ટ ખોલીને કીર્તિએ પોલીસને પડકારી?

## કીર્તિ પટેલનું ઈન્સ્ટા એકાઉન્ટ બ્લોક છતાં રીલ્સ વાયરલ, AK-47થી ગુજરાત હલબલાવવાની વાત

**અમદાવાદ**



સોશિયલ મીડિયા પર અવારનવાર વિવાદોમાં રહેતી અને પોતાના ઉશ્કેરણીજનક નિવેદનો માટે જાણીતી કીર્તિ પટેલ ફરી એકવાર વિવાદના વંટોળમાં ફસાઈ છે. સાયબર ક્રાઈમ અને પોલીસે કાર્યવાહી કરીને તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ પર બ્રેક લગાવી હોવા છતાં, સોશિયલ મીડિયા પર તેની નવી રીલ્સ વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. વાયરલ વિડીયોમાં કીર્તિ પટેલે 'AK-47થી ગુજરાત હલબલાવી દેવા' જેવી સનસનાટીભરી વાત કરી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે.

હવે મોટો સવાલ એ ઊભો થયો છે કે: શું કીર્તિ પટેલે ત્રીજું નવું એકાઉન્ટ ખોલીને સીધો પોલીસ અને કાયદાના તંત્રને ખુલ્લો પડકાર ફેંક્યો છે?

સાયબર પોલીસની કડક કાર્યવાહી બાદ કીર્તિ પટેલના મુખ્ય એકાઉન્ટ્સ બ્લોક કરવામાં આવ્યા હતા. પરંતુ તાજેતરમાં એક નવા ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી તેની નવી રીલ્સ અને વિડીયો ક્લિપ્સ વહેતી થઈ છે. આ વિડીયોમાં તે અત્યંત આક્રમક અંદાજમાં જોવા મળે છે અને તેણે વિરોધીઓ તેમજ તંત્રને લક્ષ્ય બનાવીને તીખા પ્રહારો કર્યા છે. AK-47 જેવા ઘાતક હથિયારનો ઉલ્લેખ કરીને ગુજરાતમાં સનસનાટી મચાવી દેવાની ભાષાનો પ્રયોગ થતાં સામાન્ય નાગરિકો અને સોશિયલ મીડિયા યુઝર્સમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ અને આઈટી એક્ટ (IT Act) મુજબ જ્યારે કોઈ વિવાદિત ઈન્ફ્લુએન્સરનું એકાઉન્ટ બેન કે બ્લોક કરવામાં આવે છે, ત્યારે તે પ્રોફાઈલ પરથી નવું કન્ટેન્ટ પોસ્ટ થઈ શકતું નથી. આ કિસ્સામાં બે શક્યતાઓ સામે આવી રહી છે: ત્રીજું નવું ફેક કે અલ્ટરનેટિવ એકાઉન્ટ: કીર્તિ પટેલે અન્ય કોઈ આઈડી કે નવા નામથી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ એક્ટિવ કરીને વિડીયો અપલોડ કર્યો હોઈ શકે. ફેન પેજ કે જૂના રેકોર્ડેડ વિડીયો: તેના સમર્થકો કે ફેન પેજ દ્વારા જૂના વિડીયોને મોર્ફ કે એડિટ કરીને વાયરલ કરવામાં આવી રહ્યા હોય. જો કે, નવા વિડીયોમાં સંદર્ભ તાજેતરનો લાગતો હોવાથી પોલીસે આ નવા સોશિયલ મીડિયા હેન્ડલનું IP એડ્રેસ અને લોકેશન ટ્રેસ કરવાની તજવીજ શરૂ કરી છે.

## તંત્રી લેખ...

# સજા કોને અને શા માટે???? અનામત 'દોષારોપણ' નથી પણ ઐતિહાસિક અસમાનતાનું 'સંતુલન' છે!


### આજની પેઢીએ કેમ ચૂકવવી પડે છે ભૂતકાળના સામાજિક નિર્ણયોની કિંમત? ભાવનાઓને બદલે વાસ્તવિકતા અને તથ્યો સાથે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સ્પેશિયલ આર્ટિકલ...

જ્યારે પણ દેશમાં અનામત (Reservation) ની નીતિ પર ચર્ચા છેડાય છે, ત્યારે સામાન્ય રીતે એક અત્યંત ભાવુક અને સણસણતો સવાલ સામે આવે છે: 'જો અમારા પૂર્વજોએ સદીઓ પહેલાં કોઈના પર અત્યાચાર કે ભેદભાવ કર્યો હોય, તો તેની સજા કે આર્થિક-સામાજિક નુકસાન આજની નિર્દોષ પેઢીને કેમ આપવું?'

આ સવાલ સાંભળવામાં જેટલો તાર્કિક લાગે છે, સામાજિક અને ઐતિહાસિક વાસ્તવિકતા તેનાથી સાવ ભિન્ન છે. માનવ ઈતિહાસનો કડવો નિયમ છે કે, કોઈપણ પેઢી પોતાના અગાઉના લોકોના સારા કે ખરાબ નિર્ણયોના પરિણામોથી ક્યારેય સંપૂર્ણપણે મુક્ત રહી શકતી નથી.

### પર્યાવરણ અને સમાજ: બે પેઢી વચ્ચેનું અદ્રશ્ય જોડાણ

કુદરતના નિયમને સરળતાથી સમજીએ. જો આજે આપણે કરોડો વૃક્ષો વાવીએ, નદીઓને પ્રદૂષણમુક્ત રાખીએ અને પર્યાવરણનું જતન કરીએ, તો તેનો સીધો લાભ આપણને નહીં પણ આપણી આવનારી પેઢીઓને મળવાનો છે. પરંતુ જો આજે




આપણે જંગલો કાપી નાખીએ, ઝેરી વાયુઓ હવામાં છોડીએ અને જળસંપત્તિનો વિવેકહીન ઉપયોગ કરીએ, તો તેની ભયાનક કિંમત પણ આવનારી પેઢીઓએ જ શ્વાસ લેવામાં તકલીફ ભોગવીને ચૂકવવી પડશે.

બિલકુલ આ જ નિયમ સામાજિક અને આર્થિક તાણાવાણાને પણ લાગુ પડે છે. સદીઓ સુધી ચાલેલા સામાજિક ભેદભાવ, શિક્ષણ પરના એકાધિકાર અને સંસાધનો પરના કબજાની અસર કોઈ એક રાતમાં કે એક જ પેઢીમાં નાબૂદ થઈ જતી નથી.

### પેઢી દર પેઢી જમા થયેલી 'વિશેષાધિકાર' અને 'વંચિતતા'ની મૂડી

જે વર્ગોને સદીઓ સુધી શિક્ષણ, સંપત્તિ અને સન્માનજનક વ્યવસાયોથી વંચિત રાખવામાં આવ્યા, તેમની આજની પેઢી આર્થિક અને સામાજિક રીતે પાછળ રહી ગઈ. બીજી તરફ, જે વર્ગોને આ સંસાધનોની તકો પેઢી દર પેઢી સહેલાઈથી મળતી રહી, તેમની પાસે સામાજિક નેટવર્ક, સંપત્તિ અને યોગ્ય માર્ગદર્શનની મજબૂત પૃષ્ઠભૂમિ તૈયાર થઈ.

તેથી, અનામત એ આજની કોઈ ચોક્કસ વ્યક્તિ કે ચોક્કસ જ્ઞાતિ સામે 'બદલો લેવાની કે સજા આપવાની નીતિ' નથી. અનામત એ ઐતિહાસિક રીતે ઊભી થયેલી ઊંડી અસમાનતાના ખાડા પૂરવાનો અને રેસમાં સદીઓથી પાછળ રહી ગયેલા લોકોને એક જ સ્ટાર્ટિંગ લાઈન પર લાવવાનો નમ્ર અને વૈધાનિક પ્રયાસ છે.

### વ્યક્તિગત દોષ નહીં, પણ સામાજિક જવાબદારી!

અનામતની ચર્ચામાં 'તમારા પૂર્વજો' કે 'અમારા પૂર્વજો' જેવા વ્યક્તિગત આક્ષેપો કરવાનો કોઈ અર્થ નથી. આ લડાઈ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની નથી, પરંતુ સામાજિક સંતુલન સુધારવાની છે.

તથ્ય ૧: આર્થિક અને શૈક્ષણિક પાછળપણું એ માત્ર વ્યક્તિગત નિષ્ફળતા નથી, પણ ઐતિહાસિક સામાજિક વ્યવસ્થાનું પરિણામ છે.

તથ્ય ૨: દેશ ત્યારે જ મજબૂત બનશે જ્યારે સમાજનો છેવાડાનો વર્ગ મુખ્ય પ્રવાહમાં સમાન રીતે ભાગીદાર બનશે.

તથ્ય ૩: આ મુદ્દાને માત્ર વ્યક્તિગત નુકસાન-લાભની સંકુચિત દ્રષ્ટિથી જોવાના બદલે સામાજિક ન્યાયના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવો જરૂરી છે.

સમયની માંગ: ભાવનાઓ છોડો, તથ્યો અને વાસ્તવિકતા સ્વીકારો. સમાજ તરીકે આપણે એ વાત સ્વીકારવી પડશે કે ભૂતકાળના નિર્ણયોના પરિણામો વર્તમાનમાં ભોગવવા જ પડે છે–પછી તે પર્યાવરણનો વિનાશ હોય કે સામાજિક વિષમતા. અનામત એ કોઈને 'સજા' આપવાનું સાધન નથી, પરંતુ સમગ્ર સમાજને સમાનતાના ધોરણે એકસાથે આગળ લઈ જવાનું 'સંતુલન ચક્ર' છે. આ ચર્ચામાં ઉશ્કેરણી કે ભાવનાત્મક આવેગ લાવવાને બદલે સામાજિક વાસ્તવિકતા અને કાયદાકીય તથ્યોને ધ્યાનમાં રાખીને આગળ વધવું એ જ એક પરિપક્વ સમાજની ઓળખ છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દામ્પત્ય જીવનમાં ચરમસીમાનું મહત્વ: સ્ત્રીના શરીરમાં થતા ફેરફારો અને માનસિક અસર

દામ્પત્ય જીવનમાં શારીરિક અને ભાવનાત્મક સંતોષ એ બે એવા થાંભલા છે જેના પર મજબૂત સંબંધની ઈમારત ટકેલી હોય છે. સામાન્ય રીતે સમાજમાં સેક્સ્યુઅલ હેલ્થ અને ચરમસીમા (ઓર્ગેઝમ) વિશે ખુલ્લી ચર્ચા કરવાનું ટાળવામાં આવે છે, પરંતુ આ વિષયને વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ સમજવો ખૂબ જ જરૂરી છે. સમાગમ દરમિયાન અને ત્યારબાદ મહિલાના શરીરમાં અનેક જૈવિક, હોર્મોનલ અને માનસિક બદલાવો જોવા મળે છે, જે દંપતી વચ્ચેના સબંધોની ગાઢતા નક્કી કરે છે.

ચરમસીમા બાદ સ્ત્રીના શરીરમાં થતી અદ્ભુત પ્રતિક્રિયાઓ

સમાગમ ક્રિયા દરમિયાન જ્યારે સ્ત્રી ચરમસીમા એટલે કે ઓર્ગેઝમ સુધી પહોંચે છે, ત્યારે તેના શરીરમાં એકસાથે અનેક પ્રક્રિયાઓ થાય છે. આ એક એવો ક્ષણિક અનુભવ છે જે આખા શરીરને એક નવી ઊર્જા અને ત્યારબાદ ઊંડી શાંતિનો અનુભવ કરાવે છે.

૧. સ્નાયુઓનું ખેંચાણ અને હળવાશ: ચરમસીમાની ક્ષણે સ્ત્રીના ગુપ્ત ભાગો અને શરીરના અન્ય સ્નાયુઓમાં લયબદ્ધ સંકોચન (Contractions) થાય છે. આ ક્ષણ પસાર થતાં જ શરીરના તમામ સ્નાયુઓ અચાનક રિલેક્સ થઈ જાય છે.

૨. શારીરિક થાક અને સંકોચાવું: ચરમસીમા પ્રાપ્ત કર્યા પછી શરીરમાંથી પુષ્કળ ઊર્જા વપરાય છે, જેના કારણે અચાનક એક સુખદ થાકનો અનુભવ થાય છે. ઘણી સ્ત્રીઓ આ સમયે પોતાને સંકોચવાનો કે સમેટવાનો પ્રયત્ન કરે છે, જે કુદરતી રીતે શરીરને શાંત કરવાની એક પ્રક્રિયા છે.

૩. ધબકારા અને શ્વાસનું સામાન્ય થવું: ચરમસીમા સમયે હૃદયના ધબકારા અને શ્વાસનો દર ઝડપી થઈ ગયો હોય છે. સુખદ અનુભવ બાદ શરીર હોમિયોસ્ટેસિસ (સામાન્ય સ્થિતિ) તરફ પાછું ફરે છે, જેથી શ્વાસ અને ધબકારા ધીમે ધીમે શાંત પડે છે.

૪. અંગોમાં હળવાશનો અનુભવ: ઓર્ગેઝમ પછી લોહીનું ભ્રમણ, જે ગુપ્ત ભાગો તરફ વધુ હતું, તે સામાન્ય થાય છે. આનાથી આખા શરીરમાં એક અલગ જ પ્રકારનું હળવાશ અને શાંતિનો અહેસાસ થાય છે.

હોર્મોન્સની રમત: સંતોષ અને માનસિક સ્થિતિ

ચરમસીમા માત્ર શારીરિક ક્રિયા નથી, પરંતુ તેનો સીધો સંબંધ મગજ અને હોર્મોન્સ સાથે છે. સમાગમ દરમિયાન મગજમાંથી ઓક્સીટોસિન (જેને લવ હોર્મોન કહેવાય છે), ડોપામાઈન અને એન્ડોર્ફિન જેવા 'ફીલ ગુડ' કેમિકલ્સ મુક્ત થાય છે. જ્યારે સ્ત્રી સંપૂર્ણ સંતુષ્ટિ પ્રાપ્ત કરે છે, ત્યારે આ હોર્મોન્સ તેના મૂડને ખૂબ જ ઉત્સાહી અને આનંદી રાખે છે. સંપૂર્ણ સંતોષ મળવાને કારણે તેનો માનસિક તણાવ દૂર થાય છે અને તે પોતાના પાર્ટનર પ્રત્યે વધુ આકર્ષણ અનુભવે છે. આવી સ્થિતિમાં તે ભવિષ્યમાં પણ સામેથી પોતાના પાર્ટનર પાસે નિકટતા કે ઈન્ટિમસી વ્યક્ત કરવા માટે સહજપણે તૈયાર થઈ જાય છે.

અસંતોષની મનોવૈજ્ઞાનિક અસર

બહુ ઓછું ધ્યાન આપવામાં આવે છે કે જો સમાગમ દરમિયાન સ્ત્રીને ચરમસીમાનો આનંદ પ્રાપ્ત ન થાય, તો તેની સીધી અસર તેના મન અને સ્વભાવ પર પડે છે.

૧. સ્વભાવમાં ચીડિયાપણું: શારીરિક ઉત્જના ઊભી થયા પછી જો તેને યોગ્ય સંતોષ કે ચરમસીમા ન મળે, તો શરીરમાં રહેલો તણાવ પૂરો થતો નથી. આ અપૂર્ણતાની લાગણી સ્ત્રીના મનમાં નિરાશા જન્માવે છે, જે તેના રોજના વ્યવહારમાં ચીડિયાપણા કે ગુસ્સા સ્વરૂપે બહાર આવે છે.

૨. ભાવનાત્મક અંતર: સતત અસંતોષ રહેવાથી સ્ત્રી શારીરિક સંબંધોથી દૂર ભાગવા લાગે છે, જેનાથી પતિ-પત્ની વચ્ચે ભાવનાત્મક અંતર વધવાની શક્યતા રહે છે.

સંપૂર્ણ સંતોષ: દંપતીને એકબીજાની નજીક લાવતી ચાવી

પતિ અને પત્ની બંને જ્યારે એકબીજાની જરૂરિયાતોને સમજીને સમાગમની પ્રક્રિયામાં ભાગ લે છે અને બંને સંપૂર્ણ સંતોષ અનુભવે છે, ત્યારે તેમનો સંબંધ માત્ર શારીરિક ન રહેતાં આત્મિક બની જાય છે. સમાગમ દરમિયાન પુરુષે માત્ર પોતાની ચરમસીમા વિશે વિચારવાને બદલે સ્ત્રીની ભાવનાઓ, તેની ગતિવિધિઓ અને તેના શરીરના સંકેતોને સમજવા જરૂરી છે.

જ્યારે બંનેને એકસાથે કે યોગ્ય રીતે ચરમસીમા પ્રાપ્ત થાય છે, ત્યારે તેમનામાં પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને સુરક્ષાની લાગણી બમણી થઈ જાય છે.

દંપતી માટે ખાસ સૂચન

દામ્પત્ય જીવનમાં ખુશીઓ જાળવી રાખવા માટે પરસ્પર સંવાદ (Communication) સૌથી મહત્વનો છે. એકબીજાની પસંદ-નાપસંદ અને જરૂરિયાતો વિશે ખુલ્લી વાતચીત કરવી જોઈએ. જો સંબંધોમાં સંતોષ મેળવવામાં સતત સમસ્યા આવતી હોય, તો સંકોચ રાખ્યા વગર અનુભવી મેરેજ કાઉન્સેલર કે સેક્સ થેરાપિસ્ટની મદદ લેવી જોઈએ. પરસ્પર સમજણ અને પ્રેમથી જ એક સુંદર અને તંદુરસ્ત દાંપત્ય જીવન શક્ય બને છે.




# ટ્રમ્પની ફરી ફજેતી, હોર્મુઝમાં હુમલા બંધ કરવા પાછળનું કારણ સામે આવ્યું, બ્રિટન-ફ્રાન્સે આપ્યો ઝટકો



ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા મિશન શરૂ કરવાના અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્લાનને તેમના જ યુરોપિયન સાથી દેશોનો સહકાર મળી રહ્યો નથી. બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશો પણ અમેરિકાની આગેવાની હેઠળના સંયુક્ત નૌકાદળના પેટ્રોલિંગથી અંતર જાળવી રહ્યા છે. સહયોગી દેશોનો સાથ ન મળવાને કારણે જ ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પીછેહઠ કરવી પડી છે, જોકે તેમણે આ નિર્ણયને કાયમી યુદ્ધવિરામ અને કૂટનીતિક પ્રયાસોના ભાગરૂપે રજૂ કર્યો છે.

### યુરોપિયન દેશો કેમ મદદ કરવાનો ઈનકાર કરી રહ્યા છે?

અમેરિકન સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે તાજેતરમાં બ્રિટન અને ફ્રાંસના સંરક્ષણ મંત્રીઓ સાથે વાતચીત કરીને આ મિશનમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે અપીલ કરી હતી. જોકે, યુરોપિયન દેશો તરફથી કોઈ સ્પષ્ટ સંમતિ મળી નથી. તેમનું માનવું છે કે જ્યાં સુધી ઈરાન સાથે કાયમી યુદ્ધવિરામ કે તણાવ ઓછો થવાના સ્પષ્ટ સંકેતો ન મળે, ત્યાં સુધી આવા કોઈ સૈન્ય અભિયાનમાં જોડાવું જોખમી સાબિત થઈ શકે છે. બ્રિટને સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે ઈરાન સામેના કોઈ આક્રમક સૈન્ય અભિયાનનો ભાગ બનશે નહીં, પરંતુ દરિયાઈ માર્ગોની સુરક્ષા માટે સહયોગ આપવા માટે તૈયાર છે.

### અમેરિકા અને ઈઝરાયલથી કેમ નારાજ છે યુરોપ?

યુરોપિયન દેશોના આ સંકોચ પાછળ અમેરિકાની હાલની રણનીતિ જવાબદાર માનવામાં આવે છે. યુરોપિયન અધિકારીઓનું માનવું છે કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હવાઈ હુમલા કરતાં પહેલા પોતાના સાથી દેશો સાથે યોગ્ય સલાહ-મસલત કરી નહોતી. આ જ કારણે યુરોપિયન દેશોમાં ભારે નારાજગી છે. તેમનું માનવું છે કે જો તેમને પહેલા વિશ્વાસમાં લેવામાં આવ્યા હોત તો સ્થિતિ અલગ હોત, તેથી હવે તેઓ કોઈ સ્પષ્ટ રણનીતિ વગર આ મોટા સૈન્ય અભિયાનમાં જોડાવા માંગતા નથી.

### ગ્લોબલ ટ્રેડ અને ક્રૂડ ઓઈલના સપ્લાય પર સંકટ

આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથે વાતચીત આગળ વધી રહી છે અને કૂટનીતિક ઉકેલની આશા છે. બીજી તરફ ઈરાનના વિદેશ મંત્રાલયનું કહેવું છે કે વાતચીત અને યુદ્ધવિરામ બંને એક સાથે શક્ય નથી. આ સિવાય યમનના હૂથી બળવાખોરો દ્વારા રેડ સીમાં નાકેબંધીની જાહેરાત બાદ જહાજોની અવરજવરમાં ભારે ઘટાડો નોંધાયો છે. હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વનો સૌથી મહત્ત્વપૂર્ણ ઓઈલ રૂટ માનવામાં આવે છે.

# સંબંધોમાં સ્વાર્થ, અધિકાર અને નૈતિકતા: સમાજે હવે ગંભીરતાથી વિચારવાનો સમય આવી ગયો છે

વિશેષ આલેખન: પવન માકન (પાક્કો ગુજરાત ન્યૂઝ)

આજના આધુનિક અને ટેકનોલોજીથી ઘેરાયેલા યુગમાં આપણે ભલે ગમે તેટલી પ્રગતિ કરી લીધી હોય, પરંતુ સામાજિક અને કૌટુંબિક મૂલ્યોના ધોરણે આપણે ક્યાં જઈ રહ્યા છીએ તે એક અત્યંત ચિંતાજનક પ્રશ્ન બની ગયો છે. તાજેતરમાં સમાજમાં એક એવો માનસિક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જ્યાં દરેક વ્યક્તિ પોતાના 'અધિકારો' પ્રત્યે અતિશય જાગૃત છે, પરંતુ જ્યારે પોતાની 'ફરજો' કે 'જવાબદારીઓ' અદા કરવાનો વારો આવે છે ત્યારે મૌન સેવી લે છે.

લગ્નજીવનમાં જ્યારે અણબનાવ સર્જાય કે પત્ની સાથે છૂટાછેડાની સ્થિતિ ઊભી થાય, ત્યારે કાયદાકીય જોગવાઈઓ મુજબ ભરણપોષણ (મેન્ટેનન્સ) મેળવવા માટે લાંબી કાનૂની લડાઈઓ લડવામાં આવે છે. પોતાના કાયદાકીય હક માટે લડવું એ મુદ્દો નથી, પણ વિચારવા જેવી કડવી વાસ્તવિકતા એ છે કે આ જ સમાજમાં જે માતા-પિતાએ આપણને જન્મ આપ્યો, મોટા કર્યા અને પગભર કર્યા–એમના પ્રત્યે આપણી નૈતિક ફરજ ક્યાં ગાયબ થઈ જાય છે?

આજે અનેક ઘરોમાં એવું જોવા મળે છે કે લગ્ન થયાના થોડા જ સમયમાં માતા-પિતાથી જુદા થઈ જવાની ઘેલછા ઊભી થાય છે. જે મા-બાપે પોતાના સુખ-ચેન, ઈચ્છાઓ અને પોતાની જુવાનીનો ત્યાગ કરીને, લોહીનું પાણી કરી સંતાનોને ઉછેર્યા, ભણાવ્યા અને સમાજમાં માનભેર જીવતા કર્યા; એ જ મા-બાપ વૃદ્ધાવસ્થામાં અચાનક 'બોજ' લાગવા મંડે છે.

તેમની સેવા કરવાની, તેમની સાથે રહીને તેમના ઘડપણની લાકડી બનવાની વાત આવે ત્યારે સ્વાર્થ આગળ ધરીને સાવ સહજતાથી અને મફતમાં જુદા થઈ જવાય છે.

પરંતુ, વિડંબના તો એ જુઓ કે જ્યારે એ જ મા-બાપની સ્વ-ઉપાર્જિત કે પક સંપત્તિની વહેંચણીનો વારો આવે, ત્યારે હક અને ભાગ પડાવવા માટે સૌથી પહેલાં દાવો ઠોકવામાં આવે છે!

### આ તે કેવી પ્રથા? આ તે કેવો ન્યાય?

શું મા-બાપ સાથેનો સંબંધ માત્ર મિલકત, ઘર કે બેંક બેલેન્સ પૂરતો જ સીમિત રહી ગયો છે? જ્યારે પોતાના અધિકારો મેળવવાની વાત આવે ત્યારે કાયદા અને સંસ્કારોની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ જ્યારે વૃદ્ધ માતા-પિતાને પ્રેમ, સમય અને દવાની જરૂર હોય ત્યારે પીઠ બતાવી દેવામાં આવે છે.

સંસ્કાર એ માત્ર પુસ્તકો કે ભાષણોમાં બોલવાની વસ્તુ નથી, એ જીવનમાં ઉતારવાની બાબત છે. કાયદો કદાચ તમને મિલકતમાં ભાગ અપાવી દેશે, પરંતુ જે મા-બાપે તમને આ દુનિયા બતાવી છે તેમના આશીર્વાદ અને માનસિક શાંતિ કોઈ કાયદો આપાવી શકશે નહીં.

જ્યાં સુધી સમાજમાં 'ફક્ત મેળવવાની' ઘેલછા રહેશે અને 'આપવાની કે સેવા કરવાની' ભાવના લુપ્ત થશે, ત્યાં સુધી પરિવાર નામના પાયા નબળા પડતા રહેશે. આજે દિવસેને દિવસે વધી રહેલા વૃદ્ધાશ્રમો એ દેશની પ્રગતિ નથી, પણ આપણા સામાજિક અને નૈતિક પતનનું જીવંત પ્રતિક છે.

આજે સમય પાકી ગયો છે કે દરેક યુવા પેઢી, દંપતી અને સમાજના મોભીઓ આ વિષય પર ઊંડાણપૂર્વક આત્મમંથન કરે. માતા-પિતા એ કોઈ મિલકત કમાઈ આપવાનું મશીન નથી, પણ આપણું અસ્તિત્વ છે. જો સંપત્તિમાં ભાગ જોઈતો હોય, તો વૃદ્ધાવસ્થામાં તેમની છત્રછાયા બનીને તેમની અન્ન-જળ અને સ્વાસ્થ્યની જવાબદારી પણ સહર્ષ સ્વીકારવી જ પડશે.

અધિકાર અને ફરજનો આ સમતોલન જ એક સ્વસ્થ, સુખી અને આદર્શ સમાજનું નિર્માણ કરી શકે છે.

# પેરૂના 205માં સ્વાતંત્ર્ય દિને કુતુબ-મીનાર પેરૂના રાષ્ટ્રધ્વજના રંગે ઝળાહળાં કરાયો

નવી દિલ્હી

દક્ષિણ અમેરિકાના દેશ પેરૂના ૨૦૫મા સ્વાતંત્ર્ય દિને વિશ્વ વિરાસત સમાન ભારતનો કુતુબ મિનાર પેરૂના રાષ્ટ્ર ધ્વજના સફેદ અને લાલ રંગે ઝળહળી ઊઠયો હતો. મંગળવારે રાત્રે યોજાયેલી આ વિધિ સમયે પેરૂના દૂતાવાસના ચાર્જ-દ-અફેર્સ (ઉપ- રાજદૂત) એન્ટિક રાફેલ ડેસ્કાળ્ઝી મેન્ડેઝે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વ વિરાસત સમાન કુતુબ મીનારને પેરૂના રાષ્ટ્રધ્વજના રંગે રંગવાનો હેતુ બંને દેશો વચ્ચેની મૈત્રી ભાવનાને વધુ સુદ્રઢ બનાવવાનો હતો. બંને દેશો વચ્ચે રાજકીય સંબંધો તો છે જ વ્યાપારી સંબંધો પણ છે પરંતુ તે વ્યાપારી સંબંધો વધુ મજબૂત કરવાનો આ પાછળ હેતુ છે.



ઉલ્લેખનીય તે છે કે, દક્ષિણ પેસેફિક મહાસાગરમાં ચીનનો પગપેસારો વધતા દક્ષિણ અમેરિકાના તટપ્રદેશના રાષ્ટ્રો અને સંબંધો ગાઢ બનાવવા અનિવાર્ય છે. બીજી તરફ તે દેશો પણ ચીનથી ચેતી ગયા છે. તેથી, અન્ય સબળ દેશો સાથે સંબંધો મજબૂત બનાવવા માંગે છે. આ સંયોગોમાં તેઓ ભારત તરફ વળે તે સહજ પણ છે. પેરૂ સાથે સંબંધો ગાઢ કરવા પાછળનો એક મહત્ત્વનો હેતુ તેના પ્રાચીન પુરા-પ્રાચીન સંસ્કૃતિ છે. બહુ થોડાને માહિતી હશે કે શૂન્યની શોધે ગણિત શાસ્ત્રમાં મૂળભૂત પરિવર્તન કરી નાખ્યું છે. ભારતના આર્યોએ 'શૂન્ય'ની શોધ કરી.

કેટલાક વિદ્વાનોનું તો એવું પણ મંતવ્ય રહ્યું છે કે, મંદોદરી આ મય સંસ્કૃતિના 'રાજા'ના રાજકુમારી હતા તેથી તો તેઓને મયતનયા કહેવામાં આવ્યા. આમ પૂરા પ્રાચીન કાળથી ભારત અને પેરૂ સાથે સંબંધો છે. વર્તમાન યુગમાં દક્ષિણ પેસિફીક મહાસાગર તટે રહેલા આ દેશનું વ્યૂહાત્મક સ્થાન અતિ મહત્ત્વનું છે. વિશેષતઃ તો ચીનનો પગપેસારો દક્ષિણ પેસિફિકમાં થઈ રહ્યો છે ત્યારે સમુદ્ર તટીય દેશો સાથે સંબંધો ગાઢ કરવા અનિવાર્ય છે.



# તેજગઢમાં ગેરકાયદેસર રેતી ખનન સામે મામલતદારનો સપાટો: 2 હિટાચી મશીન સહિત 5 વાહનો જપ્ત, ભૂમાફિયાઓમાં ભયનો માહોલ!





## ■ છોટાઉદેપુર મામલતદાર હેતલબાળા ભાભોરની સરપ્રાઈઝ રેડ; પ્રાથમિક શાળા સામે ચાલી રહેલા કાળા કારોબાર પર ત્રાટકી ટીમ!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના તેજગઢ વિસ્તારમાં નદી અને ભૂમિના અસ્તિત્વને કોરી ખાતા ભૂમાફિયાઓ અને ગેરકાયદેસર રેતી ખનન કરનારા તત્વો સામે વહીવટી તંત્રે લાલ આંખ કરીને મોટો સપાટો બોલાવ્યો છે. ચોક્કસ બાતમીના આધારે છોટાઉદેપુરના મહિલા મામલતદાર હેતલબાળા ભાભોર અને તેમની ટીમે તેજગઢ ખાતે ઓચિંતો દરોડો પાડીને ગેરકાયદેસર ચાલતા રેતી ખનનના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

મળતી માહિતી મુજબ, તેજગઢ પ્રાથમિક શાળાની બિલકુલ સામેના વિસ્તારમાં ભૂમાફિયાઓ દ્વારા કોઈપણ જાતની મંજૂરી વગર બેફામપણે ગેરકાયદેસર રેતીનું ખનન કરવામાં આવી રહ્યું હતું. બાતમી મળતાં જ મામલતદારની ટીમે સ્થળ પર સરપ્રાઈઝ રેડ પાડી હતી. દરોડા દરમિયાન પોલીસે અને તંત્રે ખનન સ્થળ પરથી ૨ ભયાનક હિટાચી મશીન અને અન્ય ૩ વાહનો મળી કુલ ૪ વાહનો સ્થળ પરથી જ જપ્ત કર્યા હતા. આ ઉપરાંત, કાળો કારોબાર કરીને નીકળેલા એક રેતી ભરેલા વાહનને આત્રોલી નજીકથી ઘેરીને ઝડપી પાડવામાં આવ્યું હતું. આમ, તંત્રે કુલ ૫ વાહનો અને મશીનરી જપ્ત કરીને ભૂમાફિયાઓની કમર ભાંગી નાખી છે. અચાનક પાડવામાં આવેલા આ દરોડાથી તેજગઢ અને આસપાસના વિસ્તારમાં ગેરકાયદેસર ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જપ્ત કરાયેલા કરોડો રૂપિયાના મશીનો અને વાહનો સામે કાયદેસરની કલમો હેઠળ સીઝર હોસ્પિટાલિટી અને દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલ ખનીજ વિભાગ (Mining Department) દ્વારા આ મામલે કેટલા ઈસમો સામે નામજોગ ફરિયાદ કે એફ.આઈ.આર. નોંધવામાં આવશે અને કેટલો દંડ ફટકારાશે તેની સત્તાવાર પ્રક્રિયા ચાલી રહી છે. પ્રશાસનની આ આક્રમક અને ધાક જમાવતી કાર્યવાહીથી સ્થાનિક નાગરિકોમાં આનંદની લાગણી વ્યાપી છે અને મેસેજ સ્પષ્ટ ગયો છે કે કુદરતી સંપત્તિ લૂંટનારા કોઈપણ ચમરબંધીને બક્ષવામાં આવશે નહીં.

# છોટાઉદેપુરના સરદાર બાગમાં નગરપાલિકા દ્વારા ગૌરીવ્રત મહોત્સવની ભવ્ય ઉજવણી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

નગરપાલિકા દ્વારા સરદાર બાગ ખાતે આયોજિત ગૌરીવ્રત મહોત્સવમાં નગરની દીકરીઓ અને બહેનો ઉત્સાહભેર ભાગ લઈ રહી છે. વર્ષોથી યોજાતા આ મહોત્સવમાં તમામ સમાજની દીકરીઓ માટે વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.



પાંચ દિવસીય મહોત્સવ દરમિયાન મહેંદી હરીફાઈ, આરતી સુશોભન, ફ્રુટ અને વેજીટેબલ ડેકોરેશન, સંગીત ખુરશી, કેશ ગુથણ, પઝલ ગેમ, ભજન, ફેશન શો તેમજ ગ્રુપ ગરબા જેવી અનેક સ્પર્ધાઓ યોજાઈ રહી છે. ધોરણ 5થી 12 સુધીની વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છે, જ્યારે ગરબા સ્પર્ધા તમામ બહેનો માટે ખુલ્લી રાખવામાં આવી છે.

દરરોજ નગરની સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત અગ્રણી બહેનોને મહેમાન અને જજ તરીકે આમંત્રિત કરવામાં આવે છે. મહોત્સવના અંતિમ દિવસે 70 વર્ષથી વધુ વયની સિનિયર સિટીઝન બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ, સમગ્ર મહોત્સવ દરમિયાન નગરના બગીચાઓમાં મોટી સંખ્યામાં દીકરીઓ અને બહેનો ઉમટી રહી છે. મુખ્ય સ્થળ સરદાર બાગમાં પાંચ દિવસ દરમિયાન અંદાજે 5,000થી વધુ બહેનો અને દીકરીઓની ઉપસ્થિતિ નોંધાય છે.

સ્વર્ગસ્થ ડૉ. કનુભાઈ શાહના પરિવાર તરફથી, શ્રીમતી તરલિકાબેન શાહ પરિવાર તથા છોટાઉદેપુર નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ શ્રીમતી અલ્પાબેન સૌરભભાઈ શાહના સહયોગથી 1,200થી વધુ આકર્ષક ભેટોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત, 30 જુલાઈના રોજ અંદાજે 1,300 જેટલી 2થી 15 વર્ષની દીકરીઓને કપડાંનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

## જનજાતિ વિસ્તારના વિધાર્થીઓને મળી નવી સુવિધા

# ધારાસભ્ય રિતેશ વસાવાના હસ્તે મીની બસોનું લોકાર્પણ



ઝઘડિયા

ગુજરાત સરકારના સહકારથી ભગવાન બિરસા મુંડા જનજાતિ બોર્ડર વિલેજ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવેલી બે નવી મીની બસનું લોકાર્પણ આજે ઝઘડિયા એસટી ડેપો ખાતે યોજાયું હતું. ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવાના હસ્તે બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ઝઘડિયા તાલુકા પંચાયત પ્રમુખ સરસ્વતીબેન સંદીપ વસાવા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ નરેન્દ્ર પટેલ, આજુબાજુના ગામોના સરપંચો, વિવિધ શાળાઓના આચાર્યો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લોકાર્પણ બાદ નવી મીની બસોને ઝઘડિયા બસ સ્ટેન્ડ ખાતેથી લીલી ઝંડી આપી વિદ્યાર્થીઓની સેવામાં રવાના કરવામાં આવી હતી. આ બસો જનજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને સુરક્ષિત, સરળ અને આરામદાયક મુસાફરીની સુવિધા પૂરી પાડશે. નવી બસોમાં આરામદાયક બેઠકોની વ્યવસ્થા, આધુનિક ટેકનોલોજી આધારિત સુવિધાઓ તેમજ સરકારના નિયમો મુજબ પ્રદૂષણ નિયંત્રણની વ્યવસ્થા કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને સમયસર અને ગુણવત્તાસભર પરિવહન સેવા ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ બસો જાહેર સેવામાં મૂકવામાં આવી હોવાનું જણાવાયું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ સરકારની આ પહેલને વિદ્યાર્થીઓના શિક્ષણ અને જનજાતિ વિસ્તારના વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી હતી.

## મનમાની કરતા સંચાલકો ઉપર કાર્યવાહીની માંગ ઉઠી

# દાંતા તાલુકાની આંગણવાડી કેન્દ્રો ઉપર આવતો પોષણ આહારનો જથ્થો ખુલ્લા રસ્તા પર જોવા મળ્યો

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં સંકલિત બાળ વિકાસ યોજના ICDS હેઠળ બાળશક્તિ, માતૃશક્તિ અને પૂર્ણશક્તિ યોજનાના લાભાર્થીઓ માટે આવતા પોષણ આહાર એટલે કે *THR અને સત્વ આટા*માં મોટા પાયે ગેરરીતિ થતી હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. જાગૃત નાગરિકો દ્વારા મળેલી માહિતી અને સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા ફોટાઓમાં દાંતા તાલુકાના આંગણવાડી કેન્દ્રો પર આવતો પોષણ આહારનો જથ્થો રસ્તા પર ખુલ્લામાં પડેલો જોવા મળ્યો છે. જાણે કે આ જથ્થો કૂતરાઓ માટે નાખવામાં આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આનાથી ગરીબ અને



જરૂરિયાતમંદ બાળકો તથા માતાઓના હક્કના અનાજની ઉઘાડી લૂંટ થતી હોવાનું સ્પષ્ટ થાય છે. નોંધનીય છે કે આ પ્રકારની ફરિયાદ આ પહેલા પણ થઈ ચૂકી છે. અગાઉ આંગણવાડીનો જથ્થો અન્ય તાલુકામાં લઈ જતા ઝડપાયો હતો અને તે સમયે મીડિયામાં અહેવાલો પણ પ્રસિદ્ધ થયા હતા. તેમ છતાં તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે આવા તત્વોના હૌસલા બુલંદ થયા છે. આ ગેરરીતિના કારણે સરકાર દ્વારા ગરીબ બાળકોના પોષણ માટે મોકલવામાં આવતો કોળિયો પણ વચ્ચે જ ખાઈ જવામાં આવી રહ્યો છે, જે અત્યંત નિંદનીય અને શરમજનક બાબત છે. આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને જિલ્લા વહીવટી તંત્ર અને ઉચ્ચ કક્ષાની ટીમ દ્વારા આની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. તપાસમાં દોષિત જણાય તેવા તમામ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરીને તેમને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે.

# મીનાક્ષી મંદિરની 60 કરોડની કિંમતી જમીન હડપી લેવાઈ..!

## ખોટા દસ્તાવેજો બનાવી આચરાયું મોટું કૌભાંડ, 19 ભૂમાફિયાઓ સામે ગંભીર કલમો હેઠળ FIR!

અમદાવાદ

દક્ષિણ ભારતની આસ્થાના પ્રતીક અને વિશ્વપ્રસિદ્ધ મદુરાઈ મીનાક્ષી અમ્મન મંદિરની કરોડો રૂપિયાની કિંમતી જમીન પર કાળી નજર નાખીને ભૂમાફિયાઓએ મોટું કૌભાંડ આચર્યું હોવાનો ધડાકો થયો છે. કાગળોમાં હેરાફેરી કરીને ખોટા અને બોગસ દસ્તાવેજોના આધારે મંદિરની અંદાજે ૬૦ કરોડની જમીન હડપી લેવાના ભયાનક ષડયંત્રનો પર્દાફાશ થયો છે. આ મામલે પોલીસે લાલ આંખ કરીને ૧૯ જેટલા ભૂમાફિયાઓ અને વચેટિયાઓ સામે ગુનો (FIR) નોંધી કાયદાનો શિકંજો કસ્યો છે.

મળતી માહિતી મુજબ, મદુરાઈ સ્થિત મીનાક્ષી મંદિર ટ્રસ્ટ અને તમિલનાડુ હિન્દુ રિલિજિયસ એન્ડ ચેરિટેબલ એન્ડોવમેન્ટ્સ (HR&CE) વિભાગની કરોડો રૂપિયાની જમીન પર લાંબા સમયથી ભૂમાફિયાઓની નજર હતી.

બોગસ દસ્તાવેજોનો ખેલ: આરોપીઓએ મહેસૂલી તંત્રની આંખમાં ધૂળ નાખીને અને બનાવટી કાગળો ઊભા કરીને મંદિરની જમીન પોતાના કે સગા-સંબંધિઓના નામે દર્શાવી દીધી હતી. કરોડોની જમીન પર કબ્જો: આશરે ૬૦ કરોડની બજાર કિંમત ધરાવતી આ પવિત્ર જમીનને પચાવી પાડીને તેને વેચી મારવાનો કે કોમર્શિયલ ઉપયોગ કરવાનો ઘાતકી પ્લાન ઘડી કાઢવામાં આવ્યો હતો. જ્યારે મંદિર પ્રશાસન અને તંત્રના ધ્યાન પર આ ગંભીર બાબત આવી, ત્યારે દસ્તાવેજોની ઊંડાણપૂર્વક ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કાગળો સંપૂર્ણપણે બનાવટી અને ફ્રોડ હોવાનું સાબિત થતાં જ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને કૌભાંડમાં સામેલ ૧૯ મુખ્ય આરોપીઓ વિરુદ્ધ બનાવટી દસ્તાવેજો બનાવવા, છેતરપિંડી આચરવી અને ગેરકાયદે કબ્જો કરવાનો પ્રયાસ કરવા બદલ ગંભીર કલમો હેઠળ એફ. આઈ.આર. (FIR) નોંધી લીધી છે. આ કૌભાંડમાં તંત્રના કોઈ સ્થાનિક અધિકારીઓની મિલીભગત છે કે કેમ, તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્ર ગતિમાન કર્યા છે. આ ઘટના સામે આવ્યા બાદ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો માંગ કરી રહ્યા છે કે આસ્થાના કેન્દ્ર સમાન મીનાક્ષી મંદિરની એક-એક ઇંચ જમીન પરથી ગેરકાયદે કબ્જો હટાવીને તમામ ૧૯ કૌભાંડીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે.

# શામળાજી મંદિરે અષાઢી પૂનમે ભક્તોની ભારે ભીડ

ઈડર, જાકીર મેમણ



મંગળા આરતીમાં ઉમટ્યો શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના શ્રી વિષ્ણુ મંદિરે અષાઢી પૂનમ અને ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી જ રાજ્યના વિવિધ જિલ્લાઓ તેમજ રાજસ્થાન સહિતના પડોશી વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન ગદાધરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. બ્રહ્મમુહૂર્તમાં યોજાયેલી મંગળા આરતીના દર્શન કરવા માટે ભક્તો વહેલી સવારથી જ મંદિર પરિસરમાં પહોંચી ગયા હતા. ભગવાનના દિવ્ય દર્શન અને આરતીનો લાભ મેળવી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. શામળાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને સરળતાથી અને સુવ્યવસ્થિત રીતે દર્શન થઈ શકે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. દર્શન માટે અલગ-અલગ કતારો, પીવાના પાણી સહિતની જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. મંદિર પરિસરમાં સતત દેખરેખ રાખવામાં આવી હતી, જેથી ભક્તોને કોઈ અગવડતા ન પડે. ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને શામળાજી પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન હેઠળ મંદિર અને આસપાસના વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## 6 આરોપીઓ સામે પોલીસ ફરિયાદ

# કચલધરા GIDC જમીન માપણીમાં બબાલ: 3 ઝડપાયા

ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના કચલધરા ગામે GIDC માટે ચાલી રહેલી જમીન માપણી દરમિયાન ભારે હોબાળો મચ્યો હતો. ઘટનામાં કુલ 6 આરોપીઓ સામે પોલીસે ગુનો નોંધ્યો છે, જેમાંથી 3 આરોપીઓને સ્થળ પરથી ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય 3 આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. બીજી તરફ, પથ્થર વાગી ઈજાગ્રસ્ત થયેલા એક ગ્રામજને પણ અલગ ફરિયાદ નોંધાવતા સમગ્ર મામલો વધુ ગરમાયો છે. નાયબ કલેક્ટર તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના આદેશ મુજબ કચલધરા ગામે GIDC માટે ફાળવાયેલી સરકારી જમીનની માપણી માટે ડી.એલ. આર. વિભાગના સર્વેયરો તથા જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં કાર્યવાહી ચાલી રહી હતી. પોલીસ ફરિયાદ મુજબ, કાળુભાઈ મખજીભાઈ ભુરીયા દ્વારા ગ્રામજનોને ઉશ્કેરવામાં આવ્યા હતા. ત્યારબાદ મિનેષભાઈ કાળુભાઈ ભુરીયા, સતિષભાઈ રમેશભાઈ ભુરીયા, કલ્પેશભાઈ સબુરભાઈ ભુરીયા, વિજયભાઈ મલસીંગભાઈ કટારા, રાયસીંગભાઈ પારસીંગભાઈ પારગી અને ખુમસીંગભાઈ માનુભાઈ પારગી સહિતના લોકો ગેરકાયદેસર મંડળી બનાવી હાથમાં ગોફણ જેવા મારક હથિયારો સાથે સ્થળે પહોંચ્યા હતા. આરોપીઓએ ગોફણ વડે પથ્થરમારો કરી ગાળો બોલી સરકારી કર્મચારીઓને જમીન માપણી કરતા અટકાવવાનો પ્રયાસ કરી કાયદેસરની ફરજમાં અવરોધ ઊભો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી કાળુભાઈ મખજીભાઈ ભુરીયા, રાયસીંગભાઈ પારસીંગભાઈ પારગી અને ખુમસીંગભાઈ માનુભાઈ પારગીને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં નોંધાયું છે.

બીજી તરફ, કચલધરા ગામના ગેંદાલભાઈ પારસીંગભાઈ પારગીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ જમીન માપણી જોવા માટે સ્થળે ગયા હતા.

તે દરમિયાન ગોફણથી પથ્થરમારો થઈ રહ્યો હતો. તેમણે પથ્થરમારો ન કરવા સમજાવતા આરોપીઓ ઉશ્કેરાયા હતા અને સતિષભાઈ રમેશભાઈ ભુરીયાએ ગોફણથી છોડેલો પથ્થર તેમના માથાના પાછળના ભાગે વાગતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા.

## પૂર પીડિતોને રાશન, કપડાં અને બાળકોને 850થી વધુ સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરાયું

# ઉમરગામના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં માનવસેવાનો અનોખો યજ્ઞ : 1500થી વધુ જરૂરિયાતમંદો સુધી પહોંચાડી રાહત સામગ્રી

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં તાજેતરમાં આવેલા પૂરના કારણે ભારે હોનારત સર્જાઈ હતી. પૂરના પાણી ઓસર્યા બાદ હવે પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં માનવસેવાનો એક અનોખો યજ્ઞ શરૂ થયો છે. સરકારી તંત્ર અને સેવાભાવી લોકોના સંયુક્ત પ્રયાસોથી હજારો પૂર પીડિતો સુધી રાહત સામગ્રી પહોંચાડીને તેમની વહારે આવવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ઉમરગામ તાલુકાના પૂરગ્રસ્ત એવા અંકલાસ, નગવાસ અને ઝરોલી ગામોમાં પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. આ



મુશ્કેલ સમયમાં જિલ્લા માહિતી કચેરીની ટીમ, સ્થાનિક તંત્ર અને સ્થાનિક સેવાભાવી લોકોએ સાથે મળીને રાહત કાર્યોનો મોરચો સંભાળ્યો હતો. આ વિસ્તારોના ૧૩ જેટલા ફળિયાઓમાં રહેતા ૧૫૦૦થી વધુ જરૂરિયાતમંદ પૂર પીડિતો સુધી સીધી જ રાહત સામગ્રી પહોંચાડવામાં આવી હતી. પૂરના પાણીમાં ઘરવખરી અને કિંમતી સામાન ગુમાવી ચૂકેલા પરિવારોને પુનઃ બેઠા કરવા માટે નીચે મુજબની રાહત સામગ્રી પહોંચાડાઈ: અનાજ અને રાશન કિટ: દૈનિક જીવનજરૂરી ખાદ્યસામગ્રી અને સુકો નાસ્તો. વસ્ત્રો અને શુદ્ધ પાણી: પહેરવા માટે કપડાં અને રોગચાળો ન ફેલાય તે માટે શુદ્ધ પીવાનું પાણી.

બાળકો માટે યુનિફોર્મ: પૂરના કારણે બાળકોના અભ્યાસ પર અસર ન પડે તે હેતુથી ૮૫૦થી વધુ નવા સ્કૂલ યુનિફોર્મનું વિતરણ કરવામાં આવ્યું.

# જેતપુરમાં રમતા રમતા પાણીના ટાંકામાં ડૂબી જવાથી ચાર વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત

રાજકોટ

રાજકોટ જિલ્લાના જેતપુર શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેતપુરના નકલંગ રોડ પર આવેલી સ્પેસ સ્કૂલ પાછળના વિસ્તારમાં બાંધકામ સ્થળે રમતા રમતા ચાર વર્ષનું માસૂમ બાળક જમીનમાં બનાવેલા ખુલ્લા પાણીના ટાંકામાં પડી ગયું હતું. આ દુર્ઘટનામાં પાણીમાં ડૂબી જવાથી માસૂમ બાળકનું કરુણ મોત નીપજ્યું છે, જેના કારણે સમગ્ર પરિવાર અને વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી માહિતી મુજબ, જેતપુરના નકલંગ રોડ પર સ્પેસ



સ્કૂલ પાછળ ટેનામેન્ટ (બ્લોક)નું બાંધકામ ચાલી રહ્યું છે. આ બાંધકામ સ્થળે મૂળ દાહોદ જિલ્લાનો એક શ્રમિક પરિવાર મજૂરી કામ માટે આવ્યો હતો અને સાથે રોજીરોટી રળીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પરિવારના વયસ્કો જ્યારે બાંધકામની મજૂરી કામમાં વ્યસ્ત હતા, ત્યારે તેમનો ચાર વર્ષનો નાનો દીકરો બાંધકામની આસપાસ રમી રહ્યો હતો. રમતા રમતા બાળક અચાનક બાંધકામ સ્થળે જમીનમાં આવેલા અને ખુલ્લા કે અસુરક્ષિત પાણીના ટાંકા પાસે પહોંચી ગયો હતો અને અચાનક પાણીના ટાંકામાં પડી ગયો હતો. બાળક લાંબા સમય સુધી દેખાયો નહીં ત્યારે પરિવારે તેની શોધખોળ શરૂ કરી હતી. પરિવારજનોએ જ્યારે પાણીના ટાંકામાં તપાસ કરી, ત્યારે બાળક પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યો હતો. પરિવારજનો અને લોકોએ તાત્કાલિક ધોરણે બાળકને પાણીના ટાંકામાંથી બહાર કાઢીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ ચકાસણી કરીને માસૂમ બાળકને મૃત જાહેર કર્યો હતો. આ અકસ્માત અને અચાનક બનેલી આ હોનારતને કારણે દાહોદથી મજૂરી કરવા આવેલા નિર્દોષ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પરિવારના વાહલ સોયા દીકરાના અચાનક અવસાનથી ઘરમાં ભારે ગમગીની અને માતમ છવાઈ ગયો છે.



### કરિશ્મા અને વરુણ હવે સોશિયલ મીડિયા પર હેડલાઇન્સ બની ગયા

# ગુરુ પૂર્ણિમાના અવસર પર એક્ટ્રેસ કરિશ્મા તન્નાના ઘરે ગુંજી કિલકારી

મુંબઈ

ગુરુ પૂર્ણિમાના અવસર પર ટીવી અભિનેત્રી કરિશ્મા તન્ના અને તેના પતિ વરુણ બાંગેરાના જીવનમાં ખુશીનું આગમન થયું છે. હકીકતમાં, તેઓ માતા-પિતા બન્યા છે. કરિશ્માએ 29 જુલાઈના રોજ એક પુત્રને જન્મ આપ્યો હતો. આ દંપતીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમના ચાહકો સાથે આ માહિતી શેર કરી હતી. આ દંપતીએ પોસ્ટમાં ગુરુ પૂર્ણિમાના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો.

કરિશ્મા અને વરુણે એક પોસ્ટર શેર કર્યું હતું જેમાં લખ્યું હતું કે, "આ એક છોકરો છે. આ અમારા માટે સૌથી મોટો આશીર્વાદ છે." પોસ્ટ શેર કરતા તેમણે કેપ્શનમાં લખ્યું હતું, "ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે જન્મ. અમારા માટે સૌથી મોટો આશીર્વાદ અમારી સાથે છે. અમારી દુનિયામાં આપનું સ્વાગત છે, નાના મહેમાન." આ દંપતીએ તેમના પુત્રની જન્મ તારીખનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે 29 જુલાઈ, 2026 છે. કરિશ્મા અને વરુણ હવે સોશિયલ મીડિયા પર હેડલાઈન્સ બની ગયા છે. ચાહકોથી લઈને સ્ટાર્સ સુધી દરેક વ્યક્તિ તેમની પોસ્ટ પર ટિપ્પણી કરી રહ્યા છે અને તેમને અભિનંદન આપી રહ્યા છે. આ તેમનું પહેલું બાળક છે. લગ્નના ચાર વર્ષ બાદ આ દંપતી માતાપિતા બન્યું. કરિશ્મા ઘણીવાર સોશિયલ મીડિયા પર તેના બેબી બમ્પના ફોટા શેર કરતી હતી અને વરુણ પણ તેની સાથે જોવા મળતો હતો. હવે, તેમના જીવનમાં એક નાનો મહેમાન આવ્યો છે. કરિશ્મા તન્ના અને વરુણ બાંગેરાએ ફેબ્રુઆરી 2022માં લગ્ન કર્યા હતા. તેઓ પહેલા એક કોમન ફ્રેન્ડ દ્વારા મળ્યા હતા.

તેમની મિત્રતા ખીલી અને પછી પ્રેમ થયો. તેઓએ ડેટિંગ શરૂ કર્યું. નવેમ્બર 2021માં તેમની સગાઈ થઈ. ત્રણ મહિના પછી, તેઓએ લગ્ન કર્યા. હવે, તેઓ માતાપિતા પણ છે. કરિશ્મા એક લોકપ્રિય અભિનેત્રી છે, જ્યારે વરુણ મુંબઈ સ્થિત રિયલ એસ્ટેટ બિઝનેસમેન છે. ગુરુ પૂર્ણિમાના અવસર પર ટીવી અભિનેત્રી કરિશ્મા તન્ના અને તેના પતિ વરુણ બાંગેરાના જીવનમાં ખુશીનું આગમન થયું છે. હકીકતમાં, તેઓ માતા-પિતા બન્યા છે. કરિશ્માએ 29 જુલાઈના રોજ એક પુત્રને જન્મ આપ્યો હતો. આ દંપતીએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમના ચાહકો સાથે આ માહિતી શેર કરી હતી.

**કરિશ્મા અને વરુણે એક પોસ્ટર શેર કર્યું હતું જેમાં લખ્યું હતું કે, "આ એક છોકરો છે. આ અમારા માટે સૌથી મોટો આશીર્વાદ છે."**

# કાજલે સેટ પરનો ડરામણો અનુભવ શેર કર્યો

## ફિલ્મના સેટ પર આસિસ્ટન્ટ ડાયરેક્ટરે એક્ટ્રેસ સામે અચાનક પોતાનું શર્ટ ઉતારી દીધું હતું

મુંબઈ

સાઉથ અને બોલિવૂડ સિનેમામાં પોતાની શાનદાર એક્ટિંગથી લાખો દિલ જીતનારી જાણીતી અભિનેત્રી કાજલ અગ્રવાલ (Kajal Aggarwal) પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને સતત ચર્ચામાં રહે છે. તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં કાજલ અગ્રવાલે પોતાની ફિલ્મી કરિયર દરમિયાન બનેલી એક એવી ચોંકાવનારી અને ડરામણી ઘટનાનો ખુલાસો કર્યો છે, જેને યાદ કરીને આજે પણ તેના અવાજમાં ધ્રુજારી આવી જાય છે. કાજલ અગ્રવાલે હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં ખુલાસો ફિલ્મના સેટ પરના ડરામણા અનુભવ વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. ફિલ્મના સેટ પર એક આસિસ્ટન્ટ ડાયરેક્ટરે એક્ટ્રેસ સામે અચાનક પોતાનું શર્ટ ઉતારી દીધું હતું, જેથી એક ક્ષણ માટે કાજલ ભારે આઘાતમાં સરી પડી હતી અને તેના પગ ધ્રૂજવા લાગ્યા હતા.

ઈન્ટરવ્યુમાં કાજલ અગ્રવાલે આ ઘટનાને યાદ કરતાં જણાવ્યું હતું કે, તે એક ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી. શૂટિંગ દરમિયાન સેટ પર કામ કરી રહેલો એક આસિસ્ટન્ટ ડાયરેક્ટર તેનો બહુ મોટો ફેન હતો. તે શૂટિંગ દરમિયાન સતત કાજલની આસપાસ જ રહેતો હતો. એક દિવસે પેક-અપ થયા પછી જ્યારે બધા જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે તે આસિસ્ટન્ટ ડાયરેક્ટર અચાનક કાજલ પાસે આવ્યો અને તેણે કોઈ જ વાત કર્યા વગર એકાએક પોતાની શર્ટ ઉતારી દીધી. સેટ પર અચાનક કોઈ વ્યક્તિને પોતાની સામે આ રીતે કપડાં ઉતારતો જોઈને કાજલ અત્યંત ડરી ગઈ હતી અને તેના પગ ધ્રૂજવા લાગ્યા હતા. કાજલે આગળ જણાવ્યું હતું કે, જ્યારે તેણે ડરતાં ડરતાં જોયું તો તે આસિસ્ટન્ટ ડાયરેક્ટરે પોતાની છાતી અને પીઠ પર કાજલ અગ્રવાલના ફેસનું ટેટૂ કરાવ્યું હતું.



# આસામના પૂર પીડિતોની મદદ માટે આગળ આવ્યા સલમાન ખાન

## 'Being Human' અને ફેન ક્લબ દ્વારા શિવસાગર અને ગુવાહાટીમાં રાહત કાર્ય શરૂ કરાયું

મુંબઈ

આસામ રાજ્ય હાલમાં તાજેતરના વર્ષોના સૌથી ભયાનક પૂર સંકટનો સામનો કરી રહ્યું છે, જેના કારણે લાખો લોકો પ્રભાવિત થયા છે. આ કપરા સમયમાં બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા પૂર પીડિતોની વહારે આવવાનો નિર્ણય કર્યો છે. અભિનેતા હાલમાં મુંબઈમાં ડાયરેક્ટર વંશી પેડિપલ્લીની આગામી અનટાઈટલ્ડ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા છે, તેમ છતાં તેઓ મુંબઈથી જ સતત આસામની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સલમાન ખાને પોતાની ચેરિટેબલ સંસ્થા 'Being Human' અને આસામ સ્થિત તેમના સત્તાવાર ફેન ક્લબ સાથે મળીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક રાહત સામગ્રી પહોંચાડવા માટે એક મોટા પાયા પર રિલીફ ડ્રાઈવ શરૂ કરી છે. પ્રથમ તબક્કામાં શિવસાગર અને ગુવાહાટી પર વિશેષ ધ્યાન સલમાન ખાનની સૂચનાથી આ આખી રાહત પ્રક્રિયાને તબક્કાવાર રીતે અમલમાં મૂકવામાં આવી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, આ અભિયાનના પ્રથમ તબક્કામાં પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયેલા શિવસાગર વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગુવાહાટીથી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત સામગ્રીનું પરિવહન કરવામાં આવી રહ્યું છે. સલમાન ખાન ફેન ક્લબ આસામના સ્થાનિક સ્વયંસેવકો ઓન-ગ્રાઉન્ડ જઈને ખૂબ જ સક્રિયતાથી લોકો સુધી સીધી મદદ પહોંચાડી રહ્યા છે.

પૂરના કારણે અનેક વિસ્તારોમાં રાંધવાની વ્યવસ્થા ન હોવાથી, પ્રથમ તબક્કામાં ખાસ 'રેડી-ટુ-ઈટ' ફૂડ પેકેટ્સ વહેંચવામાં આવી રહ્યા છે. સલમાન ખાનની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે કે પૂરથી ઘેરાયેલા દરેક પરિવાર પાસે ઓછામાં ઓછા 3 દિવસ ચાલે એટલું ભોજન ઉપલબ્ધ રહે. ખાદ્યપદાર્થો ઉપરાંત, પૂરના પાણીથી ફેલાતા રોગોને રોકવા માટે પીવાનું શુદ્ધ પાણી, વોટર પ્યુરિફિકેશન ટેબ્લેટ્સ, મચ્છરોથી બચવા માટે મોસ્કિટો કોઈલ્સ અને મહિલાઓ માટે સેનિટરી પેડ્સ પણ મોટા પાયે વિતરણ કરવામાં આવી રહ્યા છે.





# હુમા કુરૈશીના જન્મદિવસે ફેન્સને મળી મોટી સરપ્રાઇઝ

## સૌથી હિટ અને આઇકોનિક વેબસિરીઝ 'મહારાની-5'નું એલાન, ચારેય સીઝન જોઈને ફેન્સ હુમાના વખાણ કરી રહ્યા છે

મુંબઈ

બોલિવૂડની એક્ટ્રેસ હુમા કુરૈશી સાઉથના સ્ટાર યશ સાથે 'ટોક્સિક' ફિલ્મમાં જોવા મળશે. આ સિવાય હવે એની પાસે બીજા કેટલાક ફિલ્મી પ્રોજેક્ટ છે, પણ વેબસિરીઝમાં દમદાર અભિનયથી સિદ્ધિ હાંસલ કરનારી એક્ટ્રેસ હવે 'મહારાની' સિરીઝમાં કમબેક કરી રહી છે. 'મહારાની-5' આગામી સમયમાં સ્ટ્રિમ થશે. પાંચમી સીઝનનું એલાન થતા ફેન્સ હવે આ સિરીઝમાં શું હશે તેની ચર્ચા કરવા લાગ્યા છે. 'બેબી ડુ, આઈ ડુ'માં ખતરનાક રોલ પ્લે કર્યા બાદ ફરી વેબસિરીઝ સ્ક્રિન પર જોવા મળશે, જોકે આ ફિલ્મને ખાસ કોઈ પ્રતિસાદ મળ્યો નથી પણ લોકો હુમાની એક્ટિંગના ફેન બની ગયા છે. 'બેબી ડુ, આઈ ડુ'માં હુમા એક મૂકબધિર લેડીનો રોલ પ્લે કરી રહી છે. જે પછીથી કિલર સાબિત થાય છે. પોતાના જન્મદિવસના અવસર પર હુમાએ ફેન્સને સરપ્રાઈઝ આપી દીધી છે. એક સમયની સૌથી હિટ અને આઈકોનિક વેબસિરીઝ 'મહારાની-5'નું એલાન થઈ ચૂક્યું છે. આ વેબસિરીઝની ચાર સિઝન સ્ટ્રિમ થઈ ચૂકી છે. ચારેય સીઝન જોઈને ફેન્સ હુમાના વખાણ કરી રહ્યા છે. ચારેય સીઝન પણ દમદાર રહી છે. વિષય, વાર્તા, ડાયલોગ્સ અને સીન દરેક ફ્રેમમાં પર્ફેક્ટ સિકવન્સ દેખાઈ રહી છે. ફરી એકવાર ભારતીય પાત્રમાં હુમા એક અલગ અંદાજમાં જોવા મળશે, જોકે સિરીઝમાં લૂક કેવો રહેશે એ અંગે હજુ સુધી કોઈ વિગત સામે આવી નથી. ફરી એકવાર વેબસિરીઝ મારફતે સત્તાનો સંઘર્ષ જોવા મળશે. હિંમત, ઈરાદા અને રાજકીય દાવપેચ વચ્ચે હવે વાર્તા શેના પર આધારિત રહેશે એ જોવાનું છે. ઈન્સ્ટાગ્રામ પરથી એક સેટ પરથી ફોટો શૅર કરીને હુમાએ એલાન કરી દીધુ છે કે, આ સિરીઝનું શુટિંગ શરૂ થી ચૂક્યું છે. આ ફિલ્મનું હજું પ્રી પ્રોડક્શન ચાલી રહ્યું છે જેમાં હુમા પહોંચી છે. કરિશ્માની પણ સિરીઝ આવેલી આ સિરીઝ સોની લીવ પર સ્ટ્રિમ થવાની છે. 'મહારાની' એક પોલિટિકલ ડ્રામા સિરીઝ છે.

# શિલ્પા શેટ્ટીના નામે આરક્ષણ વિરોધી વાયરલ પોસ્ટથી પરેશાનઃ યૂઝર્સને કરી અપીલ

વોશિંગ્ટન

બોલીવુડની જાણીતી અભિનેત્રી શિલ્પા શેટ્ટીના નામે જાતિ આધારિત આરક્ષણ હટાવવાને લગતી એક પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ અભિનેત્રીએ તેનો સખત શબ્દોમાં વિરોધ કર્યો છે. શિલ્પા શેટ્ટીએ સ્પષ્ટતા કરી છે કે વાયરલ પોસ્ટમાં કરવામાં આવેલા દાવા સંપૂર્ણપણે ખોટા, કાલ્પનિક અને દુર્ભાગ્યપૂર્ણ છે. તેણે સોશિયલ મીડિયા યુઝર્સને તેમના નામે ફેલાવવામાં આવેલી ફેક પોસ્ટ્સ પર વિશ્વાસ નહીં કરવાની અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે શિલ્પા શેટ્ટીએ જાતિ આધારિત આરક્ષણનો વિરોધ કર્યો છે અને આરક્ષણ વ્યવસ્થા નાબૂદ કરવાની તરફેણ કરી છે. આ પોસ્ટમાં તેમના નામે એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે સામાન્ય વર્ગના ડોક્ટરોએ માત્ર સામાન્ય વર્ગના દર્દીઓની સારવાર કરવી જોઈએ અને અન્ય વર્ગના ડોક્ટરોએ પોતાના વર્ગના દર્દીઓની જ સારવાર કરવી જોઈએ. આ પ્રકારની પોસ્ટ વાયરલ થતાં શિલ્પા શેટ્ટીએ તેનો ખુલાસો કરતા કહ્યું કે આ નિવેદન તેમનું નથી. શિલ્પાએ સોશિયલ મીડિયા પર પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા કહ્યું કે તેમના નામે આરક્ષણ અંગે ખોટા નિવેદનો ફેલાવવામાં આવી રહ્યા છે, જેનાથી તેમને ભારે આઘાત લાગ્યો છે. તેમણે આ દાવાને સંપૂર્ણપણે કાલ્પનિક અને દુર્ભાવનાપૂર્ણ ગણાવી લોકોને આવી ફેક ન્યૂઝથી સાવચેત રહેવા જણાવ્યું છે. અભિનેત્રીએ સ્પષ્ટ કર્યું કે વાયરલ પોસ્ટમાં લખાયેલા શબ્દો કે અભિપ્રાય સાથે તેમને કોઈ સંબંધ નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોમાં સોશિયલ મીડિયા પર 'આરક્ષણ હટાવો આંદોલન' ચર્ચાનો વિષય બન્યું છે. સોશિયલ મીડિયા પર આ અભિયાનને યુવાનો અને વિવિધ વર્ગના લોકો તરફથી સમર્થન મળી રહ્યું છે.



### ઇશાન કિશન 910 પોઈન્ટ સાથે T20Iમાં નંબર-1 બેટ્સમેન બન્યા

# ICC રેન્કિંગમાં ફેરફારઃ ODIમાં શુભમન ગિલ નંબર-1

મુંબઈ

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા બુધવારે પુરૂષ ખેલાડીઓની રેન્કિંગ જાહેર કરવામાં આવી છે. જેમાં બેટિંગ અને બોલિંગ ક્ષેત્રે મોટો ફેરફાર જોવા મળ્યો છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે વનડે ક્રિકેટમાં ફરીથી નંબર-1 બેટ્સમેનનું સ્થાન મેળવી લીધું છે. શુભમન ગિલ ફરી બન્યા નંબર-1 વનડે બેટ્સમેન ભારતીય કેપ્ટન શુભમન ગિલના ખાતામાં હાલમાં 801 રેટિંગ પોઈન્ટ છે. ગિલે ન્યૂઝીલેન્ડના ડેરીલ મિશેલ (794) પાસેથી બાદશાહી છીનવી લીધી છે. મિશેલ આ વર્ષે જાન્યુઆરીથી ટોચ પર હતો. આ યાદીમાં ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી 767 પોઈન્ટ સાથે ત્રીજા અને રોહિત શર્મા 758 પોઈન્ટ સાથે ચોથા સ્થાને યથાવત છે. વનડે બોલિંગ રેન્કિંગમાં પણ નામીબિયાના સ્પિનર બર્નાર્ડ શોલ્ટ્ઝ 5 સ્થાનની છલાંગ લગાવીને 7મા સ્થાને પહોંચી ગયો છે. યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ T20I



બેટ્સમેનોની રેન્કિંગમાં જબરદસ્ત લાંબી છલાંગ લગાવી છે. માત્ર 15 વર્ષની વયના સૂર્યવંશીએ 230 પાયદાનની છલાંગ લગાવીને સીધા 48મા ક્રમે જગ્યા બનાવી છે, અને તેના 536 રેટિંગ પોઈન્ટ્સ છે. તેણે તાજેતરમાં જિમ્બાબ્વે પ્રવાસ પર 3 મેચોની T20I શ્રેણીમાં શાનદાર બેટિંગ કરી હતી. સૂર્યવંશીએ 50.33 ની એવરેજથી સર્વાધિક 151 રન બનાવ્યા હતા અને પોતાના કરિયરનો પહેલો પ્લેયર ઓફ ધ સિરીઝ એવોર્ડ જીત્યો હતો. ત્રીજી T20I માં 81 રનની ઈનિંગ રમીને તેઓ પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યા હતા. આ બંને એવોર્ડ જીતનારા તેઓ સૌથી નાની ઉંમરના ક્રિકેટર બન્યો છે. ઈશાન કિશન અને અન્ય ભારતીય ખેલાડીઓની સ્થિતિ ભારતના વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન T20I માં નંબર-1 બેટ્સમેન છે, જેના 910 રેટિંગ પોઈન્ટ્સ છે. આ તેમના કરિયરની બેસ્ટ રેન્કિંગ છે. જીમ્બાબ્વે શ્રેણીમાં તેમણે 145 રન બનાવ્યા હતા. શ્રેણીમાં ફ્લોપ રહેલા ઓપનર અભિષેક શર્મા 1 સ્થાન લથડીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે પાકિસ્તાનના સાહિબજાદ ફહાન બીજા સ્થાને આવી ગયો છે. T20I બેટ્સમેનોની યાદીમાં ઉપકેપ્ટન તિલક વર્મા 2 સ્થાન ઉપર 6ઠ્ઠા અને કેપ્ટન શ્રેયસ અયર 7 સ્થાન ઉપર 24મા સ્થાને પહોંચી ગયો છે.

## રેયાન ટેન ડોશેટને IPLમાં મળી મોટી ઓફર

મુંબઈ

ભારતીય પુરુષ ક્રિકેટ ટીમના આસિસ્ટન્ટ કોચ પદેથી રાજીનામું આપ્યાના ગણતરીના કલાકોમાં જ નેધરલેન્ડ્સના પૂર્વ દિગ્ગજ ઓલરાઉન્ડર રેયાન ટેન ડોશેટને મોટી લોટરી લાગી છે. નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સ દ્વારા સત્તાવાર જાહેરાત કરીને રેયાન ટેન ડોશેટને ગ્લોબલ ફ્રેન્ચાઈઝી નેટવર્ક માટે 'હેડ ઓફ ક્રિકેટ સ્ટ્રેટેજી' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 28 જુલાઈ 2026ના રોજ ઈંગ્લેન્ડ પ્રવાસની સમાપ્તિ સાથે જ તેમણે સત્તાવાર રીતે ભારતીય ટીમનો સાથ છોડ્યો હતો અને તેના આગલા જ દિવસે 29 જુલાઈ 2026ના રોજ તેઓ ફરી એકવાર પોતાની જૂની આઈપીએલ ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પરિવારમાં સામેલ થઈ ગયા છે. ગ્લોબલ ફ્રેન્ચાઈઝીમાં સ્કાઉટિંગ અને પ્લેયર રિક્રુટમેન્ટની સંભાળશે કમાન નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સના CEO વેન્કી મૈસૂરે આ નવી નિયુક્તિ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું છે કે, રેયાન ટેન ડોશેટની ભૂમિકા માત્ર KKR પૂરતી સીમિત નથી, પરંતુ તેનો વ્યાપ વૈશ્વિક છે. તેઓ નાઈટ રાઈડર્સ નેટવર્ક હેઠળ આવતી તમામ ગ્લોબલ ફ્રેન્ચાઈઝીઓમાં સ્કાઉટિંગ, પ્લેયર રિક્રુટમેન્ટ, સ્ક્વોડ પ્લાનિંગ અને પરફોર્મન્સ ઈવેલ્યુએશન માટે સ્ટ્રેટેજિક ડાયરેક્શન આપશે. આ સાથે જ તેઓ CPL (કેરેબિયન પ્રીમિયર લીગ) માં ટ્રિનબાગો નાઈટ રાઈડર્સ, ILT20માં અબુ ધાબી નાઈટ રાઈડર્સ અને MLC (મેજર લીગ ક્રિકેટ)માં લોસ એન્જલસ નાઈટ રાઈડર્સના આસિસ્ટન્ટ કોચ તરીકે પણ વધારાની સેવાઓ આપશે. વેન્કી મૈસૂરે સત્તાવાર કરતા કહ્યું કે, 'રેયાન નાઈટ રાઈડર્સ પરિવારનો એક ખૂબ જ મહત્ત્વનો અને મજબૂત હિસ્સો રહ્યો છે.

### અમ્પાયરને ગેરમાર્ગે દોરવાનો આરોપ

## ઈંગ્લેન્ડ ક્લબ ક્રિકેટમાં એવો વિવાદ કે જેણે ક્રિકેટ જગતને ચોંકાવ્યું

લંડન

ઈંગ્લેન્ડના ક્લબ ક્રિકેટમાં એક એવો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે, જેમાં સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું છે. અહીં બોલ ટેમ્પરિંગ કે પિચ સાથે છેડછાડનો નહીં, પરંતુ આંગળીના ટચાકા ફોડીને (Finger Click) બેટ્સમેનના બેટની કિનારી (Edge) વાગ્યાનો ખોટો ભ્રમ ઊભો કરીને અમ્પાયરને ગેરમાર્ગે દોરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયો બાદ આ ખેલાડીને 'ક્લિકી પૉન્ટિંગ' (Clicky Ponting) નામે નવું હુલામણું નામ મળ્યું છે. આ મામલો હવે



એટલો વધી ગયો છે કે નોર્થ યોર્કશાયર એન્ડ સાઉથ ડરહામ ક્રિકેટ લીગે આ મામલે સત્તાવાર તપાસ શરૂ કરી દીધી છે. શું છે સમગ્ર મામલો? આ વિવાદ 25 જુલાઈએ સોલ્ટબર્ન ક્રિકેટ ક્લબ અને નૉર્ટન વચ્ચે રમાયેલા ડિવિઝન-2 ના મુકાબલાથી શરૂ થયો હતો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં એક ફિલ્ડર સ્લીપ કે શોર્ટ લેગ જેવી પોઝિશન પર ઊભો નજરે પડે છે. જેવો બોલ બેટ્સમેનના બેટ પાસેથી પસાર થાય છે, તે તરત જ પોતાની આંગળીઓ ટચાકા ફોડે છે. આરોપ છે કે આ 'ક્લિક' ના અવાજથી એવો ભ્રમ ઊભો કરવામાં આવતો હતો કે જાણે બોલ બેટની કિનારી (Edge) લઈને વિકેટકીપરના હાથમોજામાં ગયો હોય. આના પછી જોરદાર અપીલ થતી અને અમ્પાયર બેટ્સમેનને આઉટ આપી દેતા. બ્રિટિશ મીડિયાના અહેવાલ મુજબ આ ખેલાડીનું નામ બ્રાયન ડિવાઈન છે. તે વ્યવસાયે એક લાઈવસ્ટોક ઓક્શન કંપનીના ડિરેક્ટર અને કંપની સેક્રેટરી છે.

## કોમનવેલ્થ ગેમ્સમાં બોક્સિંગના 7 મેડલ પાક્કા

### સાક્ષી-અરુંધતિ અને સચિન સેમિફાઇનલમાં, શૉટપુટ પ્લેયર તજિંદર-સમરદીપ ફાઇનલ માટે ક્વોલિફાય

મુંબઈ

ગ્લાસગોમાં ચાલી રહેલા કોમનવેલ્થ ગેમ્સના છઠ્ઠા દિવસે ભારતીય બોક્સર્સે 7 મેડલ પાક્કા કરી લીધા છે. બુધવારે વુમન્સ કેટેગરીમાં અરુંધતિ ચૌધરીએ 70 kg અને સાક્ષી ચૌધરીએ 51 kgના સેમિફાઈનલમાં જગ્યા બનાવી. જ્યારે, સચિન સિવાચ મેન્સ 60 kg વેઈટ કેટેગરીના ટૉપ-4માં પહોંચી ગયા. આ પહેલાં તજિંદર સિંહ તૂર અને સમરદીપ સિંહ ગિલે શૉટપુટ ઈવેન્ટના ફાઈનલમાં જગ્યા બનાવી લીધી. વેઈટલિફ્ટર સંજના મેડલની રેસથી બહાર થઈ ગઈ છે. હાલમાં, ભારત 2 ગોલ્ડ સહિત 12 મેડલ સાથે પોઈન્ટ્સ ટેબલના નવમા સ્થાન પર છે. ઓસ્ટ્રેલિયા 35 ગોલ્ડ લઈને નંબર-



1 પોઝિશન પર છે. મહિલા બોક્સિંગની 70 kg વેઈટ કેટેગરીમાં અરુંધતિએ ન્યૂઝીલેન્ડની મોર્ગન એડરસનને 3-1થી હરાવી. સાથે જ 51 kg વેઈટ કેટેગરીમાં સાક્ષી ચૌધરીએ નોર્ધન આયર્લેન્ડની કેથલીન ફ્રેયરને 5-0થી હરાવી. સચિને બોત્સ્વાનાના ટ્રેઝર મોરેમીને 5-0થી હરાવ્યો.

આ પહેલાં લવલીના બોરગોહેન (75 કિલોગ્રામ), પ્રીતિ પવાર (54 કિલોગ્રામ), પ્રિયા ઘંગસ (60 કિલોગ્રામ) અને જાદુમણિ સિંહ (પુરુષ 55 કિલોગ્રામ) પણ સેમિફાઈનલમાં પહોંચીને મેડલ પાક્કો કરી ચૂક્યા છે. ભારતીય શૉટ પુટ ખેલાડી તજિન્દરપાલ સિંહ તૂર અને સમરદીપ સિંહ ગિલ ફાઈનલ માટે ક્વોલિફાય કરી લીધું છે. ફાઈનલ ઈવેન્ટ ગુરુવારે રમાશે. ક્વોલિફિકેશનમાં તૂરને ઓટોમેટિક ક્વોલિફિકેશન માર્ક એટલે કે 20 મીટરનું અંતર પાર કરવા માટે વધુ મહેનત કરવી પડી ન હતી. તૂરે પોતાના પહેલા પ્રયાસમાં 19.93 મીટરનું અંતર કાપ્યું, જ્યારે બીજા પ્રયાસમાં તેણે 20.14 મીટરનો થ્રો ફેંક્યો અને ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કર્યું. ગ્રુપ Bમાં સામેલ સમરદીપ સિંહ ગિલનું દિવસનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 19.95 મીટર રહ્યું, જે તેણે પોતાના પહેલા જ પ્રયાસમાં હાંસલ કર્યું. તેનો બીજો થ્રો 19.75 મીટરનો હતો, જ્યારે ત્રીજો થ્રો ફાઉલ રહ્યો. બંને ગ્રુપમાં કુલ 15 ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ગિલ કુલ પાંચમા સ્થાને રહ્યો. ગ્રુપ એમાં સાત અને ગ્રુપ બીમાં આઠ ખેલાડીઓ સામેલ હતા. નિયમ મુજબ, જે ખેલાડીઓ 20 મીટરનો માર્ક પાર કરે છે અથવા ટોપ 12માં રહે છે, તેઓ ફાઈનલ માટે ક્વોલિફાય કરે છે.



### 1 ઓગસ્ટથી 30 નવેમ્બર સુધી નિયમો લાગુ રહેશે

## ખાંડના વેપારીઓ માટે સ્ટોક મર્યાદા 4,000 ક્વિન્ટલ નક્કી

મુંબઈ

કેન્દ્ર સરકારે દેશભરમાં ખાંડની કિંમતોને નિયંત્રણમાં રાખવા માટે મોટું પગલું ભર્યું છે. સરકારે આદેશ જારી કરીને ખાંડના વેપારીઓ માટે મહત્તમ 30 દિવસની સ્ટોક લિમિટ અને 4,000 ક્વિન્ટલની હોલ્ડિંગ લિમિટ નક્કી કરી દીધી છે. ખાદ્ય અને ગ્રાહક બાબતોના મંત્રાલયના ગેઝેટ નોટિફિકેશન અનુસાર, આ નવો આદેશ 1 ઓગસ્ટ 2026 થી લાગુ થશે અને 30 નવેમ્બર 2026 સુધી પ્રભાવી રહેશે. ચોમાસામાં ઘટાડાના અનુમાનને જોતા ઘરેલું બજારમાં પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. દેશના કોઈપણ વેપારી પર 4,000 ક્વિન્ટલની મર્યાદા લાગુ લગાવ્યો છે. આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે દેશભરમાં



મંત્રાલયે આવશ્યક વસ્તુ અધિનિયમ, 1955ની કલમ 3 અને ખાંડ (નિયંત્રણ) આદેશ, 2025 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આ પ્રતિબંધ કોઈ પણ ખાંડનો વેપારી કે ડીલર કોઈ પણ સ્થળે 4,000 ક્વિન્ટલથી વધુ ખાંડ સ્ટોકમાં રાખી શકશે નહીં. કેન્દ્ર સરકારના નિર્દેશોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈ વેપારી દ્વારા સ્ટોક રાખવાના સમયની ગણતરી તે તારીખથી સામેલ કરવામાં આવશે, જે દિવસે વેપારીને ખાંડનો સ્ટોક પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત વેપારી પ્રાપ્ત સ્ટોકને 30 દિવસથી વધુ સમય સુધી હોલ્ડ કરી શકશે નહીં. મંત્રાલયે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રશાસનોને પોતાના સ્તરે સ્ટોક હોલ્ડિંગ અને ટર્નઓવરની મર્યાદાઓ નિર્ધારિત કરવા જણાવ્યું છે. જોકે, રાજ્યોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે તેમની મર્યાદાઓ કેન્દ્ર દ્વારા નક્કી કરાયેલી 4,000 ક્વિન્ટલની મર્યાદા અથવા 30 દિવસની અવધિથી વધુ ન હોય.

### SBI એ સરકારી બૅન્કોમાં ₹477.27 કરોડનો સૌથી વધુ દંડ નોંધાવ્યો

## બૅન્કોએ મિનિમમ બેલેન્સના બહાને ગ્રાહકો પાસેથી 26,710 કરોડ વસૂલ્યા

### FY26માં જ ₹7,086.63 કરોડનો દંડ વસૂલાયો, જેમાં ખાનગી બૅન્કોનો હિસ્સો ₹4,948.71 કરોડ હતો. HDFC બૅન્ક ₹1,798.14 કરોડ સાથે ખાનગી બૅન્કોમાં અગ્રેસર રહી

મુંબઈ

જો તમારા બૅન્ક ખાતામાંથી ક્યારેય તમારી જાણ વગર પૈસા કપાઈ ગયા હોય, તો બની શકે કે તે મિનિમમ એવરેજ બેલેન્સ(MAB) ન જાળવવાનો ચાર્જ હોય. સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું છે કે છેલ્લા 4 નાણાકીય વર્ષો(FY23-FY26)માં બૅન્કોએ ગ્રાહકો પાસેથી મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ કુલ 26,170 કરોડથી વધુનો દંડ વસૂલ્યો છે. આ દંડમાં સૌથી મોટો હિસ્સો ખાનગી બૅન્કોનો રહ્યો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે માત્ર FY26માં જ બૅન્કોએ 7,086.63 કરોડનો દંડ વસૂલ્યો હતો, જેમાં પ્રાઈવેટ બૅન્કોએ 4,948.71 કરોડ અને સરકારી બૅન્કો (PSBs)એ 2,137.92 કરોડ વસૂલ કર્યા છે. HDFC બૅન્ક સૌથી આગળ, એક્સિસ બૅન્ક બીજા ક્રમે ખાનગી બૅન્કોની વાત કરીએ તો HDFC બૅન્કે FY26માં 1,798.14 કરોડનો સૌથી વધુ દંડ વસૂલ્યો છે. ત્યારબાદ એક્સિસ બૅન્ક બીજા ક્રમે રહી છે, જેણે 1,081.33 કરોડની






વસૂલાત કરી છે. આ બંને બૅન્કોએ મળીને પ્રાઈવેટ બૅન્કો દ્વારા વસૂલવામાં આવેલા કુલ દંડનો આશરે 58% હિસ્સો વસૂલ્યો છે. આ ઉપરાંત, ICICI બૅન્કે 353.50 કરોડ, કોટક મહિન્દ્રા બૅન્કે 290.65 કરોડ, યસ બૅન્કે 195.05 કરોડ અને IDBI બૅન્કે 175.15 કરોડનો દંડ ગ્રાહકો પાસેથી વસૂલ કર્યો છે. જાહેર ક્ષેત્રની(સરકારી) બૅન્કોમાં SBI એ 477.27 કરોડનો સૌથી વધુ દંડ નોંધાવ્યો છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ રકમ માત્ર કરંટ એકાઉન્ટ્સ (ચાલુ ખાતા) સાથે સંબંધિત છે, કારણ કે માર્ચ 2020થી SBIએ સેવિંગ્સ એકાઉન્ટ્સ પર મિનિમમ બેલેન્સ ન રાખવાનો દંડ સંપૂર્ણપણે નાબૂદ કરી દીધો છે. SBI પછી બૅન્ક ઑફ બરોડાએ 394.10 કરોડ અને ઈન્ડીયન બૅન્કે 299.17 કરોડનો દંડ વસૂલ્યો છે. 10 સરકારી બૅન્કોએ ચાર્જ નાબૂદ કર્યો, જનધન ખાતાઓ સુરક્ષિત સરકારે જણાવ્યું કે દેશની 12 સરકારી બૅન્કમાંથી 10 બૅન્કએ સેવિંગ્સ એકાઉન્ટ પર મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ લાગતો દંડ નાબૂદ કરી દીધો છે. આ ઉપરાંત, જો તમારી પાસે BSBDA કે પ્રધાનમંત્રી જનધન યોજના(PMJDY) હેઠળનું ખાતું છે, તો તમારે મિનિમમ બેલેન્સ જાળવવાની જરૂર નથી. દેશમાં આવા આશરે 73 કરોડ ખાતાઓ છે, જેના પર કોઈ પેનલ્ટી લાગતી નથી. RBIના નિયમો મુજબ, બૅન્કો ગ્રાહકો પર ચાર્જ લગાવી શકે છે, પરંતુ તે વાજબી હોવો જોઈએ અને દંડ લાગુ કરતા પહેલા ગ્રાહકોને SMS કે ઈમેઈલ દ્વારા જાણ કરવી ફરજિયાત છે.

### સેન્સેક્સમાં 889 તો નિફ્ટીમાં 265 અંકનો ઉછાળો

## રોકાણકારોને એક જ દિવસમાં 4 લાખ 18 હજાર કરોડની કમાણી

મુંબઈ

શેરબજારમાં રોકાણ કરનારાઓ માટે બુધવારનો દિવસ શાનદાર સાબિત થયો. સેન્સેક્સ-નિફ્ટી બંને ઈન્ડેક્સમાં દિવસભર તોફાની તેજી સાથે કારોબાર થયો. માર્કેટ બંધ થવા પર સેન્સેક્સ 888 પોઈન્ટના જોરદાર ઉછાળા સાથે બંધ થયો, તો નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ 264 પોઈન્ટના વધારા સાથે કારોબાર સમાપ્ત કર્યો. આ દરમિયાન રોકાણકારોએ એક જ દિવસમાં લગભગ 4 લાખ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. સેન્સેક્સ-નિફ્ટીમાં દિવસભર તેજી શેર માર્કેટમાં દિવસભર તેજી જોવા મળી. BSE નો સેન્સેક્સ તેના અગાઉના બંધ 76,765 ની સરખામણીમાં ઉછાળા



સાથે 77,423 ના સ્તરે ખુલ્યો અને પછી શરૂઆતી કારોબારમાં તેની ગતિ તેજ થતી ગઈ. કારોબાર દરમિયાન તે 77,765 ના સ્તર સુધી ઉછળ્યો હતો. જોકે, માર્કેટ બંધ થવા પર 888.68 પોઈન્ટના ઉછાળા સાથે 77,654.60 પર બંધ થયો. સેન્સેક્સની જેમ જ Nifty પણ તેના અગાઉના બંધ 23,985 ની સરખામણીમાં ઉછાળા સાથે 24,176 પર ઓપન થયો હતો અને પછી તે કારોબાર દરમિયાન 24,283 સુધી ઉછળ્યો હતો. જોકે, આ 50 શેરવાળા ઈન્ડેક્સે પણ બજાર બંધ થવા પર 264.85 પોઈન્ટની તેજી સાથે 24,250.20 પર ક્લોઝિંગ કર્યું. શેરબજારમાં આવેલી જોરદાર તેજીને કારણે રોકાણકારોની સંપત્તિમાં અચાનક મોટો ઉછાળો આવ્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 4,83,35,330.55 કરોડ રૂપિયા પર પહોંચી ગયું, જે પાછલા કારોબારી દિવસે મંગળવારે ક્લોઝિંગ સમયે 4,79,16,995.57 કરોડ રૂપિયા નોંધાયું હતું.

## ચાંદી ₹1270 મોંઘી થઈને ₹2.19 લાખ પર પહોંચી

- **10 ગ્રામ સોનાનો ભાવ ₹178 વધીને ₹1.42 લાખ, સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 29 જુલાઈના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 1,270 રૂપિયા મોંઘી થઈને 2.19 લાખ રૂપિયા પર



પહોંચી ગઈ છે. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 178 રૂપિયા વધીને 1.42 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 9 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.42 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદીની કિંમતમાં 11 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.19 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાની ઓલટાઈમ હાઈ પણ બનાવી હતી.

## અમદાવાદ DEOનો કડક સૂચનાઓ અંગે પરિપત્ર જાહેર કરાયો

# લાયસન્સ અને હેલ્મેટ વગર વાહન લઈને આવતા વિદ્યાર્થીઓને શાળામાં 'No-Entry'



### ■ 'અમારી ટીમ શાળાઓમાં સરપ્રાઇઝ ચેકિંગ પણ કરશે' : DEO

તેમણે વધુમાં ઉમેર્યું કે, 'પોલીસ દ્વારા રસ્તાઓ પર નિયંત્રણ રાખવામાં આવે છે, છતાં શાળા સમય બાદ કોચિંગ ક્લાસ જવા માટે સમય બચાવવાના બહાને વાલીઓ બાળકોને વાહન આપતા હોય છે, જે કાયદાની વિરુદ્ધ છે અને ખૂબ જ જોખમી પણ છે. આ અંગે અમે શાળાઓને સ્પષ્ટ સૂચનાઓ આપી દીધી છે અને હવે ટ્રાફિક પોલીસ તથા RTO સાથે મળીને અમારી ટીમ શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ પણ કરશે. જો શાળા પરિસરમાં આવાં વાહનો જોવા મળશે, તો તે કોના છે તેની ચકાસણી કરવામાં આવશે. આ બાબતે જો કોઈપણ શાળાની નિષ્ક્રિયતા જણાશે, તો અમે તે શાળાને કડક તાકીદ કરીશું અને તેમની સામે જરૂરી કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરીશું.'

અમદાવાદ

અમદાવાદમાં સગીર વિદ્યાર્થીઓની સુરક્ષા માટે DEOએ કડક આદેશ આપ્યો છે. 18 વર્ષથી નાના વિદ્યાર્થીઓને લાયસન્સ અને હેલ્મેટ વિના શાળામાં પ્રવેશ નહીં મળે. શાળાઓએ 7 દિવસમાં રોડ સેફ્ટી જાગૃતિ કાર્યક્રમો યોજી વાલીઓને જાણ કરવી પડશે. નિયમભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી થશે. DEO ટીમ શાળાઓમાં સરપ્રાઈઝ ચેકિંગ પણ કરશે.

અમદાવાદમાં રોડ સેફ્ટી અને સગીર વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને DEO દ્વારા કડક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા નિયમ અનુસાર, 18 વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓને ડ્રાઈવિંગ લાયસન્સ અને હેલ્મેટ વિના વાહન ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. તેમજ આવા વિદ્યાર્થીઓને શાળા પરિસરમાં પ્રવેશ નહીં આપવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સાથે જ તમામ શાળાઓને નિયમનો ભંગ કરનાર વિદ્યાર્થીઓના વાલીઓને તાત્કાલિક જાણ કરવા અને આગામી 7 દિવસમાં પ્રાર્થના સભા તથા અન્ય માધ્યમો દ્વારા રોડ સેફ્ટી અને ટ્રાફિક જાગૃતિના કાર્યક્રમો યોજવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

આ અંગે અમદાવાદના DEO જણાવ્યું કે- અમદાવાદ શહેરની શાળાઓમાં સગીર વયના બાળકો લાયસન્સ વગર વાહનો ચલાવતા હોવાથી જે ગંભીર ઘટનાઓ બની રહી છે, તેને ધ્યાનમાં રાખીને મેં તમામ શાળાઓને રોડ સેફ્ટી અંગે જાગૃતિ કાર્યક્રમો યોજવા સૂચના આપી છે. આગામી એક સપ્તાહમાં શાળાઓએ રોડ સેફ્ટીના નિષ્ણાતો અથવા RTOના અધિકારીઓને બોલાવીને વિદ્યાર્થીઓને કાયદા, દંડનીય જોગવાઈઓ અને ટ્રાફિકના નિયમો વિશે માહિતગાર કરવાના રહેશે. આ સાથે શાળાઓએ વાલીઓને પણ સ્પષ્ટપણે જણાવી દેવાનું રહેશે કે કોઈપણ વિદ્યાર્થી લાયસન્સ વગર ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર લઈને શાળાએ આવી શકશે નહીં, અને જો આવશે, તો તેને શાળામાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. જ્યારે કોઈ દુર્ઘટના બને છે ત્યારે પાછળથી પસ્તાવો કરવાનો વારો આવે છે, તેથી વાલીઓએ પણ આ બાબતે અમને પૂરો સહકાર આપવો જોઈએ.

### કાનૂની જોગવાઈઓ (મોટર વાહન અધિનિયમ, 1988)

1. કલમ 3 – માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ વગર વાહન ચલાવવું ગેરકાયદેસર છે.
2. કલમ 4 – નિર્ધારિત વય મર્યાદા પહેલાં વાહન ચલાવી શકાતું નથી.
3. કલમ 5 – વાહનના માલિક/વાલીની જવાબદારી નિર્ધારિત કરવામાં આવી છે.
4. કલમ 181 – લાઇસન્સ વગર વાહન ચલાવવા બદલ દંડની જોગવાઈ.
5. કલમ 199A – જો સગીર દ્વારા વાહન ચલાવવામાં આવે તો વાહનના માલિક અથવા વાલી સામે દંડાત્મક કાર્યવાહી, ગુનો નોંધવાની કાર્યવાહી તેમજ કાયદા મુજબ અન્ય સજાની જોગવાઈ કરવામાં આવી છે.

---

#### 'નલ સે જલ' યોજના કમાણીનું સાધન

## ગુજરાતમાં 47% ઘરમાં જ શુદ્ધ પાણી પહોંચ્યું, કેન્દ્રએ ખોલી પોલ

### કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના હોમ સ્ટેટમાં જ યોજના નિષ્ફળ જતાં વિપક્ષે તપાસની માંગ કરી



અમદાવાદ

ગુજરાત સરકારે 91,18,415 ઘરો સુધી નળથી પાણી પહોંચાડ્યાના મોટા-મોટા દાવા કરી રહી છે. પરંતુ વાસ્તવિકતા તદ્દન અલગ અને ચોંકાવનારી છે. કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયના સરવેમાં જ ગુજરાત સરકારના દાવાઓની પોલ ખુલી ગઈ છે. કેન્દ્ર સરકારે પોતે સ્વીકાર્યું છે કે ગુજરાતમાં માત્ર 47.3% લોકોને જ જલ જીવન મિશન યોજના થકી નળ દ્વારા શુદ્ધ પાણી મળી રહ્યું છે, બાકીના ઘરોમાં માત્ર નળ શો-પીસ બની રહ્યાં છે. વાઈબ્રન્ટ ગુજરાતમાં આજે પણ આંતરિયાળ વિસ્તારોમાં લોકો અશુદ્ધ પાણી પીવા મજબૂર છે. ભાજપના શાસનમાં સરકારી યોજનાઓ જાણે ભ્રષ્ટાચાર આચરીને કમાણી કરવાનું સાધન બની ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે. મનરેગા યોજનાના કૌભાંડની શાહી હજુ સુકાઈ નથી ત્યાં 'નલ સે જલ' યોજનામાં પણ કૌભાંડ આચરાયું હોવાની વિગતો સામે આવી છે. ગુજરાત સરકારે નળ કનેક્શન આપીને સિદ્ધિના ગુણગાન ગાઈ ભરપૂર વાહવાહી મેળવી લીધી છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે, હજુ સુધી અડધોઅડધ લોકોને શુદ્ધ પાણી પહોંચાડી શકાયું નથી. કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયનું સુકાન સાંસદ સી. આર. પાટીલના હાથમાં હોવા છતાં તેઓ આ યોજનાનો હક નાગરિકોને અપાવી શક્યા નથી. વિપક્ષનું કહેવું છે કે, સી. આર. પાટીલ દિલ્હીમાં બેસીને માત્ર યુપી, બંગાળ, બિહારની ચૂંટણી કેવી રીતે જીતવી તેનું આયોજન જ કરે છે. પરંતુ તેમના હોમ સ્ટેટ ગુજરાતમાં જ યોજનાના નામે મોટું મીંડું સાબિત થયું છે.

---

## રોકાણના નામે અનેક લોકો સાથે ઠગાઈ : યુનિક માર્કેન્ટાઈલ કંપનીમાં સ્કીમમાં રોકાણ કરાવી એજન્ટ સહિત ગ્રાહકના 11.65 લાખ પડાવ્યા

અમદાવાદ

અમદાવાદ શહેરના નવરંગપુરામાં આવેલી યુનિક મર્કેન્ટાઈલ ઈન્ડિયા લિમિટેડ કંપનીના ડાયરેક્ટર અને મેનેજરે કંપનીના એજન્ટ બનાવી, એજન્ટ દ્વારા ગ્રાહકો બનાવી લાખો રૂપિયાનું અલગ અલગ સ્કીમમાં રોકાણ કરાવ્યું હતું. શરૂઆતમાં રોકાણની સામે વળતર આપવામાં આવ્યું હતું.



પરંતુ બાદમાં ગ્રાહકોએ રોકાણ કરેલી રકમ પર કોઈ વળતર ન આપતા ગ્રાહકોએ અને એજન્ટોએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં કંપનીના ડાયરેક્ટર અને મેનેજર સામે ફરિયાદ નોંધાવી છે. ગાંધીનગરમાં રહેતા વિષ્ણુભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે કે, વર્ષ 2017માં તેમના સંપર્કમાં યુનિક માર્કે ઈન્ડિયા લિમિટેડ કંપનીના એજન્ટ સંજય પટેલ અને રાજેશ પટેલ સાથે થયો હતો. તેમણે કંપનીની સ્કીમોને લાભ જણાવ્યા હતા અને તેમના સાથે એજન્ટ તરીકે જોડાવા માટે વાતચીત કરી હતી. કંપનીના મેનેજર મુકેશ પટેલ અને ઘનશ્યામ પટેલ તથા ડાયરેક્ટર રાહુલ રાય અને રાજકુમાર રાય પણ વિષ્ણુભાઈને કંપનીની સ્કીમો સમજાવી હતી.


વિષ્ણુભાઈ તમામ માહિતી મેળવીને કંપનીના એજન્ટ બન્યા હતા અને વિષ્ણુભાઈ તેમના દ્વારા કંપનીને કેટલાક ગ્રાહકો પણ લાવી આપ્યા હતા.

---

#### AMC બોર્ડમાં પૂર્વ વિપક્ષ નેતા શહેઝાદ ખાન પઠાણની ખુલ્લી ચીમકી!

## "ચંડોળાવાસીઓને ઘર આપો, નહિતર મેયર-કમિશનરના ઘરનો ઘેરાવ કરીશું"

### શહેઝાદ ખાનના આ ધાતક અને આક્રમક વલણથી કોર્પોરેશન બોર્ડમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને માહોલ અત્યંત ગરમ થઈ ગયો હતો



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની સામાન્ય બોર્ડ બેઠકમાં આજે રણશિંગુ ફૂંકાયું હતું. ચંડોળા તળાવના વિસ્થાપિતોના આવાસના મુદ્દે પૂર્વ વિપક્ષી નેતા અને કોર્પોરેટર શહેઝાદ ખાન પઠાણે શાસક પક્ષ અને તંત્ર સામે મોરચો માંડ્યો હતો. બોર્ડની બેઠકમાં ગર્જના કરતા તેમણે મેયર અને મ્યુનિસિપલ કમિશનરને સીધી અને ખુલ્લી ચેતવણી આપી દીધી છે કે, "જો ચંડોળાના રહીશોને વહેલી તકે મકાનોની ફાળવણી કરવામાં નહીં આવે, તો મેયર અને કમિશનરના સરકારી બંગલાઓનો ઘેરાવ કરવામાં આવશે!"

શહેઝાદ ખાનના આ ધાતક અને આક્રમક વલણથી કોર્પોરેશન બોર્ડમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને માહોલ અત્યંત ગરમ થઈ ગયો હતો. અમદાવાદના ચંડોળા તળાવ વિસ્તારમાંથી ડિમોલિશન અને સુશોભીકરણ દરમિયાન બેઘર થયેલા ગરીબ પરિવારો છેલ્લા ઘણા સમયથી પોતાના આવાસની રાહ જોઈ રહ્યા છે. આ મુદ્દે બોર્ડમાં અવાજ ઉઠાવતા શહેઝાદ ખાન પઠાણે તંત્રની ઢીલી નીતિ અને શાસકોની નિષ્ઠુરતા પર પ્રહારો કર્યા હતા.

તેમણે આવેશમાં આવીને જણાવ્યું હતું કે, 'ગરીબોના ઘરો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા, પણ તેમને વૈકલ્પિક રહેઠાણ આપવાના વચનો હજુ કાગળ પર જ રહ્યા છે. ગરીબો બેઘર થઈને રસ્તા પર રઝળે છે અને તંત્ર એસી ઓફિસોમાં બેસીને તમાશો જોઈ રહ્યું છે. જો તંત્ર વહેલી તકે આ લોકોને હકનું છત નહીં આપે તો હવે કાગળો કે આવેદનો નહીં, પણ સીધો વિરોધ થશે.'

---

#### અકસ્માતની અરજી દફતરે કરવા ₹ 10 હજાર લેતા ACBએ ઝડપ્યા

## ટ્રાફિકના ASI ચોકીની બાજુમાં જ લાંચ લેતા ઝડપાયા



અમદાવાદ

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા તાજેતરમાં જ ટ્રાફિક પોલીસને દંડ ન વસૂલી માત્ર ટ્રાફિક નિયમન કરવા જ સૂચના આપવામાં આવી છે. ત્યારે શહેરના કલેક્ટર કચેરીની બાજુમાં ચાની દુકાનમાં અકસ્માત અંગેની અરજીમાં 10 હજારની લાંચ લેતા ટ્રાફિકના ASI ઝડપાયા છે. આ કેસમાં પોલીસ સ્ટેશનના અન્ય અધિકારી કે કર્મચારીની સંડોવણી છે કે કેમ તેની ACB દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

રાણીપ વિસ્તારમાં થયેલા એક અકસ્માત કેસમાં અરજી થઈ હતી. જે વ્યક્તિ વિરુદ્ધ અકસ્માતની અરજી થઈ હતી. તેની તપાસ L ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના ASI મુકેશજી રાજપૂત કરી રહ્યા હતા. મુકેશજીએ જેના વિરોધમાં અરજી થઈ તેને તપાસ માટે બોલાવ્યા હતા. આક્ષેપિત વ્યક્તિ તેમની સાથે વકીલ લઈને ગયા હતા. ASI મુકેશજીએ વકીલ પાસેથી આ અરજીમાં કોઈ કાર્યવાહી ન કરી દફતરે કરવા 10 હજાર રૂપિયાની લાંચ માંગી હતી.

વકીલે લાંચ ન આપવી હોવાથી ACBને જાણ કરી હતી. ACBએ વકીલ સાથે મળીને છટકું ગોઠવ્યું હતું. ASI મુકેશજીએ વકીલને લાંચની રકમ લેવા રાણીપ પોલીસ ચોકી કલેક્ટર કચેરીની વચ્ચે આવેલી શ્રીજી ચાયવાલાની દુકાને બોલાવ્યા હતા. દુકાનમાં ASI મુકેશજી વકીલ પાસેથી 10 હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપાઈ ગયા હતા. ACBએ ASI મુકેશજી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

L ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ કમિશ્નરના જાહેરનામાંનો ભંગ કરી અનેક લકઝરી બસ ચાલી રહી છે. શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલ દ્વારા L ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં લકઝરી બસને પરવાનગી આપી હોવાની ચર્ચા છે. લાંચના કેસમાં પણ આ પોલીસકર્મી અથવા L ટ્રાફિક પોલીસ સ્ટેશનના અન્ય અધિકારી સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે.

---

#### POCSO કોર્ટનો સપાટો : ₹6.35 લાખનો દંડ

## નિકોલમાં 9 વર્ષની માસૂમ પર અત્યાચાર આચરનાર નરાધમને 'મૃત્યુ સુધી આજીવન કેદ'




અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારમાં સમાજને શરમથી ઝૂકી જવું પડે તેવી કાળજું કંપાવી દેનારી ઘટનામાં ન્યાયપાલિકાએ કડક ચુકાદો સંભળાવ્યો છે. માત્ર ૯ વર્ષની માસૂમ બાળકીને સમોસાંની લાલચ આપીને તેની સાથે દુષ્કર્મ આચરનારા અને અમાનવીય ક્રૂરતાની તમામ હદો વટાવીજનારા નરાધમ આરોપી સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટની ખાસ POCSO અદાલતે લાલ આંખ કરી છે. કોર્ટે તમામ પુરાવા અને સાક્ષીઓને ધ્યાને લઈ આરોપીને આજીવન કારાવાસ (આજીવન કેદ - અંતિમ શ્વાસ સુધી) અને ૬.૩૫ લાખનો દંડ ફટકાર્યો છે.

કોર્ટે માનવતા દાખવીને આદેશ કર્યો છે કે દંડની આ સંપૂર્ણ રકમ પીડિત માસૂમ બાળકીને પુનર્વસન અને વળતર તરીકે ચૂકવવામાં આવશે.

આ સનસનાટીભરી ઘટના નિકોલ વિસ્તારમાં બની હતી, જ્યાં રાક્ષસી માનસિકતા ધરાવતા આરોપીએ ૯ વર્ષની બાળકીની માસૂમિયતનો ગેરલાભ ઉઠાવ્યો હતો. સમોસાં અપાવવાની લાલચ આપીને બાળકીને ઝાળમાં ફસાવવામાં આવી હતી અને ત્યારબાદ તેની સાથે જે અમાનવીય ક્રૂરતા આચરવામાં આવી તેણે સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું હતું. પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તાત્કાલિક આરોપીની ધરપકડ કરી હતી અને કોર્ટમાં મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી. ખાસ POCSO અદાલતે કેસની સુનાવણી પૂરી કરીને આકરી સજાનો હુકમ કર્યો છે. અદાલતે કાયદાના દાયરામાં રહીને આકરામાં આકરો ચુકાદો આપ્યો છે, પરંતુ આ ઘટનાએ સમગ્ર સમાજ અને પ્રશાસન સામે કેટલાક ગંભીર અને સણસણતા સવાલો ઊભા કર્યા છે: શું માત્ર સજાથી જઘન્ય ગુના અટકશે? શું આવા રાક્ષસી મનોવૃત્તિ ધરાવતા ગુનેગારો માટે અંતિમ શ્વાસ સુધીની જેલની સજા પૂરતી છે કે પછી ફાંસી જેવી વધુ ઘાતક સજાની કાનૂની જોગવાઈઓ તાત્કાલિક અમલી બનવી જોઈએ?

---

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI